કચ્છ અને ગાંધીનગરથી ગુજરાતી અને હિન્દી ભાષામાં એકસાથે પ્રસિદ્ધ થતું એકમાત્ર દૈનિક

http://www.chanchal.co | chanchal61@yahoo.com | chanchal news | chanchal news | +91 94276 13250

Date : 03-08-2023, Thursday • Issue NO. : 35 • Year : 42 • Page : 4 • Price : 0.60

ચંચળ દૈનિક
આપની સંસ્થાના
સમાચાર ઈ-મેલ પર મોકલો
E-mail : chanchal61@yahoo.com
જાહેરાત આપવા માટે સંપર્ક કરો
ગાંધીનગર : ૯૪૨૭૬ ૧૩૨૫૧, ભુજ : ૯૪૨૭૬ ૧૩૨૫૦

# ચંચળ

ભુજ આવૃત્તિ

દેશની તથા ગુજરાતની પલે-પલની ખબર હવે એક ક્લીક પર
જોતા રહો ચંચળ ન્યુઝની વેબસાઈટ
www.chanchal.co

R.N.I. Reg. No. 48472/80 | તંત્રી : જયેન્દ્ર ઉપાધ્યાય | તા. ૦૩-૦૮-૨૦૨૩, ગુરૂવાર ● અંક નં. ૩૫ ● વર્ષ : ૪૨ ● પાના : ૪ ● | REGD: GKCH-36/2018-20

# ઉંધા માથે પટકાયું ભારતીય શેર બજાર, રોકાણકારોને ૩.૫૦ લાખ કરોડનું નુકસાન

મુંબઈ

ભારતીય શેર બજારમાં આજે બુધવારનો દિવસ બરબાદીનો દિવસ સાબિત થયો છે. આજે માર્કેટમાં જોરદાર કડાકો બોલ્યો છે. જેના કારણે રોકાણકારોની સંપત્તિમાં કરોડો રુપિયાનો ઘટાડો નોંધાયો છે.

ભારતીય શેર બજારમાં આજે બુધવારનો દિવસ બરબાદીનો દિવસ સાબિત થયો છે. આજે માર્કેટમાં જોરદાર કડાકો બોલ્યો છે. જેના કારણે રોકાણકારોની સંપત્તિમાં કરોડો રુપિયાનો ઘટાડો નોંધાયો છે. અમેરિકાના રેટિંગ ડાઉનગ્રેડની અસર વિશ્વભરના શેરબજારો પર જોવા મળી હતી. એશિયન અને યુરોપિયન બજારોમાં ભારે ઘટાડાથી ભારતીય શેરબજારમાં ઓલ રાઉન્ડ વેચવાલી જોવા મળી હતી.દિવસના કારોબારમાં સેન્સેક્સ ૧,૦૦૦ અને નિફ્ટી ૩૦૦ પોઈન્ટ તૂટ્યા હતા. સેન્સેક્સ ૬૬,૦૦૦ની નીચે સરકી ગયો. બજાર નીચલા સ્તરેથી ૪૦૦ પોઈન્ટની નજીક રિકવર થયું,

છતાં BSE સેન્સેક્સ ૬૭૬ પોઈન્ટના ઘટાડા સાથે ૬૫,૭૮૨ પર બંધ થયો અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૦૭ પોઈન્ટના ઘટાડા સાથે ૧૯,૫૧૪ પોઈન્ટ પર બંધ થયો. આજના કારોબારમાં માર્કેટમાં ઘટાડાને કારણે રોકાણકારોને ભારે નુકસાન થયું છે. BSE પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ.૩૦૩.૨૯ લાખ કરોડ પર બંધ થયું છે, જ્યારે અગાઉના ટ્રેડિંગ સેશનમાં માર્કેટ કેપ રૂ.૩૦૬.૮૦ લાખ કરોડ હતું. એટલે કે આજના વેપારમાં ૩.૫૧ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. આજના કારોબારમાં તમામ સેક્ટરના શેરોમાં ઘટાડો જોવા મળ્યો છે. બેન્ક નિફ્ટી ૧.૨૧ ટકા, એનર્જી ૧.૬૧ ટકા, ઓટો ૧.૬૪ ટકા, આઈટી ૦.૮૧ ટકા, ફાર્મા ૦.૧૯ ટકા, મેટલ્સ ૨.૦૧ ટકાના ઘટાડા સાથે બંધ થયા છે. નિફ્ટીનો મિડ કેપ ઈન્ડેક્સ ૧.૨૪ ટકા અને સ્મોલ કેપ ૧.૭૩ ટકા ઘટીને બંધ થયો હતો.

ક્રેડિટ રેટિંગ એજન્સી ફિચે યુએસ ક્રેડિટ રેટિંગ AAA થી ઘટાડીને AA+ કર્યું છે. રેટિંગ એજન્સીએ આગામી ત્રણ વર્ષ સુધી અમેરિકાની નાણાકીય સ્થિતિમાં કથળવાની આશંકા વ્યક્ત કરી છે. રેટિંગ એજન્સીએ કહ્યું કે છેલ્લા ૨૦ વર્ષમાં ગવર્નન્સના ધોરણમાં ઘટાડો થયો છે, જેમાં નાણાકીય અને દેવા સંબંધિત બાબતોનો સમાવેશ થાય છે. ફિચના આ નિર્ણયથી એશિયન અને યુરોપિયન શેરબજારોમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. અને તેની અસર ભારતીય બજારો પર પણ જોવા મળી હતી. ફિચના રેટિંગ ડાઉનગ્રેડની અસર બજારના સેન્ટિમેન્ટ પર પડી છે.

## હરિયાણા હિંસામાં ૬નાં મોત, બજરંગ દળ-VHP વિરોધ: CMએ કહ્યું- પોલીસ બધાની સુરક્ષા નથી કરી શકતી, સુપ્રીમ કોર્ટે કહ્યું- હેટ સ્પીચ આપવી જોઈએ નહીં

નૂંહ

હરિયાણાના નૂંહ (મેવાત)માં વિશ્વ હિન્દુ પરિષદની વ્રજ મંડળ યાત્રા દરમિયાન થયેલી હિંસામાં અત્યાર સુધીમાં ૬ લોકોનાં મોત થયાં છે. જેમાં ૨ હોમગાર્ડ, નૂંહના ભદાસ ગામની શક્તિ, પાણીપતના અભિષેક, ગુરુગ્રામના ઈમામ અને એક અજાણ્યાનો સમાવેશ થાય છે.

સોમવારે ફાટી નીકળેલી હિંસાના બે દિવસ પછી પણ નૂંહમાં કર્ફ્યુ ચાલુ છે. ગુરુગ્રામ, પલવલ જિલ્લામાં તણાવ છે. ગુરુગ્રામ પોલીસે કહ્યું કે નાનાં જૂથો હિંસા ફેલાવવાનું કામ કરી રહ્યાં છે.

નૂંહની હિંસાના વિરોધમાં, બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદે દિલ્હી-એનસીઆરના ૨૩ વિસ્તારોમાં રેલીઓની જાહેરાત કરી છે. અનેક વિસ્તારોમાં દેખાવો ચાલી રહ્યા છે.

તેમને રોકવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. કોર્ટે અધિકારીઓને આદેશ આપ્યો છે કે તેઓ કોઈપણ સમુદાય વિરુદ્ધ નફરતભર્યા ભાષણને મંજૂરી ન આપે. સંવેદનશીલ સ્થળોએ સીસીટીવીનો ઉપયોગ કરો, જરૂર જણાય ત્યાં વીડિયો રેકોર્ડિંગ કરો અને ફૂટેજ સુરક્ષિત રાખો.

અહીં, હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરે કહ્યું- જે લોકોએ નુકસાન કર્યું છે તેમની પાસેથી જ વળતર લેવામાં આવશે. દરેકની સુરક્ષા ન તો પોલીસ, ન આર્મી, ન સમાજ કરી શકે છે. સુરક્ષા માટે વાતાવરણ ઊભું કરવું પડશે. આ માટે શાંતિ સમિતિ, વહીવટીતંત્રના લોકો રોકાયેલા છે. પોલીસે ફ્લેગ માર્ચ પણ કરી હતી. તોફાનીઓમાં ડરનો માહોલ સર્જવો પડે છે.

નૂંહમાં ૨૬ FIR નોંધાઈ, ૧૧૬ લોકોની ધરપકડ

નૂંહ હિંસામાં અત્યાર સુધીમાં ૨૬ એફઆઈઆર નોંધવામાં આવી છે અને ૧૧૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ગુરુગ્રામમાં ૧૫ FIR નોંધવામાં આવી છે અને ૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

હરિયાણાના ડીજીપી પીકે અગ્રવાલે કહ્યું કે મોનુ માનેસરના વીડિયો સહિત હિંસા સાથે જોડાયેલાં દરેક તથ્યોની તપાસ કરવામાં આવશે. આ માટે SITની રચના કરવામાં આવી છે અને દરેક ટીમને ૭ થી ૮ કેસ તપાસ માટે આપવામાં આવશે. હરિયાણામાં અર્ધલશ્કરી દળની ૧૩ કંપનીઓ નૂહ અને અન્ય સંવેદનશીલ વિસ્તારોમાં તહેનાત કરવામાં આવી છે. આજે સવારે અનેક સ્થળોએ સુરક્ષા દળોએ ફ્લેગ માર્ચ પણ કરી હતી.

રાજ્યના મુખ્યમંત્રી એમએલ ખટ્ટરે મોડી રાત્રે જણાવ્યું કે હિંસા સંબંધિત ૪૪ એફઆઈઆર અત્યાર સુધીમાં નોંધવામાં આવી છે. ૭૦ લોકોનાં નામ જાહેર કરીને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે.

બીજી તરફ દિલ્હી અને રાજસ્થાનના ભરતપુરમાં પણ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ભરતપુરના ૪ તાલુકાઓમાં ઈન્ટરનેટ બંધ કરી દેવામાં આવ્યું છે.

## હિમાચલમાં ફરી તબાહીનું એલર્ટ: આજે અને કાલે યલો તથા ૪-૫ ઓગસ્ટે ઓરેન્જ એલર્ટ

શિમલા

હિમાચલ પ્રદેશમાં ફરી ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન કેન્દ્ર શિમલાએ ૪ અને ૫ ઓગસ્ટે ભારે વરસાદની આગાહી કરી છે, જ્યારે આજે અને આવતીકાલ માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

આને ધ્યાનમાં રાખીને, રાજ્યના લોકોને નદીના નાળા અને ભૂસ્ખલનની સંભાવનાવાળા વિસ્તારોમાં ન જવાની સલાહ આપવામાં આવી છે. હવામાન વિભાગની તાજેતરની ચેતવણીએ એવા લોકોની ચિંતા વધારી દીધી છે જેમના ઘર જુલાઈ મહિનાના વરસાદને કારણે જોખમમાં આવી ગયા છે.

રાજ્યમાં ભારે વરસાદ, ભૂસ્ખલન અને પૂરના કારણે ૭૩૦૦થી વધુ મકાનોને નુકસાન થયું છે. અનેક ઘરોમાં મોટી તિરાડો પડી ગઈ છે. કેટલાક મકાનોના આગળ અને પાછળના પાળા તૂટી ગયા છે. જેના કારણે ફરી ભારે વરસાદની ચેતવણીએ લોકોમાં ભયનો માહોલ સર્જ્યો છે.

રાજ્યમાં જુલાઈના વરસાદે ઘણા વર્ષોનો રેકોર્ડ તોડી નાખ્યો છે. ૧ થી ૩૧ જુલાઈ સુધીમાં ૨૫૫.૯ મીમી વરસાદ નોંધાયો છે પરંતુ આ વખતે ૪૩૭.૫ મીમી વરસાદ નોંધાયો છે જે સામાન્ય કરતા ૭૧ ટકા વધુ છે. વર્ષ ૨૦૧૦ બાદ રાજ્યમાં આટલો વરસાદ ક્યારેય થયો નથી. જોકે ૧૯૦૧ થી અત્યાર સુધી એટલે કે ૧૨૩ વર્ષમાં આ સાતમો રેકોર્ડ વરસાદ છે.

સિરમૌર જિલ્લામાં સૌથી વધુ ૧૦૯૭.૫ મીમી, સોલનમાં ૭૩૫ મીમી, શિમલામાં ૫૮૪ મીમી, કાંગડામાં ૬૫૪ મીમી, બિલાસપુરમાં ૪૫૯ મીમી, ચંબામાં ૪૮૪ મીમી, હમીરપુરમાં ૪૭૯ મીમી, કિન્નૌરમાં ૧૯૭ મીમી, કલુલ્હામાં ૪૭૬ મીમી, ૬૫૧ મીમી. જુલાઈમાં ૪૧૦ દ્દદ્દ વરસાદ નોંધાયો છે. જેના કારણે ચારેબાજુ વિનાશ સર્જાયો છે. રાજ્યમાં વરસાદને કારણે અત્યાર સુધીમાં ૧૯૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. તેમાંથી ભૂસ્ખલન અને પૂરના કારણે ૫૪ લોકોનાં મોત થયા છે, જ્યારે ૨૧૯ લોકો ઘાયલ છે અને ૩૪ લોકો ગુમ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૭૦૬ મકાનો ધરાશાયી થયા છે, જ્યારે ૭૧૯૨ મકાનોને નુકસાન થયું છે. ૨૪૪ દુકાનો, ૨૨૩૬ ગૌશાળાઓ નાશ પામી છે. સેંકડો લોકો બેઘર બન્યા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ભૂસ્ખલનની ૭૬ મોટી ઘટનાઓ અને અચાનક પૂરની ૫૩ ઘટનાઓ બની છે. રાજ્યમાં ૫૭૦૦ કરોડ રૂપિયાની સરકારી અને ખાનગી સંપત્તિનો નાશ કરવામાં આવ્યો છે. એકલા સાર્વજનિક બાંધકામ વિભાગના ૧૯૭૫ કરોડ રૂપિયા, જલ શક્તિ વિભાગના ૧૫૪૯ કરોડ રૂપિયા, વિદ્યુત બોર્ડની ૧૫૦૯ કરોડની સંપત્તિ વેડફાઈ છે.

## કુનોમાં વધુ એક ચિત્તાનું મોત:માદા ચિત્તા ધાત્રી મૃત્યુ પામી; અત્યાર સુધીમાં ૯નાં મોત થયા

કુનો

MPના કુનો નેશનલ પાર્કમાં માદા ચિત્તા ધાત્રી (તિબિલિસી)નું મૃત્યુ થયું છે. મુખ્ય વન સંરક્ષક અસીમ શ્રીવાસ્તવે જણાવ્યું - ધાત્રી સવારે મૃત હાલતમાં મળી આવી હતી. મૃત્યુનું કારણ જાણવા માટે પોસ્ટમોર્ટમ કરવામાં આવી રહ્યું છે.૨૬ માર્ચથી અત્યાર સુધીમાં ૯ ચિત્તાનાં મોત થયા છે. જેમાં કુનોમાં જન્મેલા ત્રણ બચ્ચાનો સમાવેશ થાય છે.અગાઉ, કુનો મેનેજમેન્ટે એક પ્રેસનોટ જારી કરીને કહ્યું હતું કે, 'કુનો નેશનલ પાર્કના એન્ક્લોઝરમાં રાખવામાં આવેલા ૧૪ ચિત્તા (૭ નર, ૬ માદા અને ૧ બચ્ચા) સ્વસ્થ છે. કુનો અને નામિબિયાના વન્યજીવ નિષ્ણાતો સતત તેમના સ્વાસ્થ્ય પર નજર રાખી રહ્યા છે. આ ઉપરાંત ખુલ્લા જંગલમાં રખડતી બે માદા ચિત્તાઓ પર નજર રાખવામાં આવી રહી છે અને તેમને વાડમાં લાવવાના પ્રયાસો ચાલુ છે. બે માદા ચિતાઓમાંથી એક ધાત્રી આજે સવારે મૃત હાલતમાં મળી આવી હતી. ધાત્રી કુનો નેશનલ પાર્કના ખુલ્લા જંગલોમાંથી પસાર થઈ રહી હતી. તેને હેલ્થ ચેકઅપ માટે લાવવાની હતી, વન વિભાગની ટીમ છેલ્લા ૧૦ દિવસથી તેને શોધી રહી હતી. હાલમાં જ સુપ્રીમ કોર્ટે કુનોમાં ચિત્તાઓના મોત પર ચિંતા વ્યક્ત કરી છે. ૨૦ જુલાઈએ કોર્ટે કેન્દ્ર સરકારને કહ્યું હતું કે- 'રાજકારણથી ઉપર ઊઠીને કેટલાક ચિત્તાઓને કુનોથી રાજસ્થાન શિફ્ટ કરવા પર વિચાર કરવો જોઈએ. રાજસ્થાન વધુ સારી જગ્યા કેમ નથી શોધતાં? રાજસ્થાનમાં વિપક્ષી પાર્ટી (કોંગ્રેસ)ની સરકાર હોવાને કારણે તેનો અર્થ એ નથી કે તમારે આ પ્રસ્તાવ પર વિચાર ન કરવો જોઈએ.કોર્ટે કહ્યું હતું કે- આફ્રિકા અને નામિબિયાથી લાવવામાં આવેલા ૪૦ ટકા ચિત્તા મૃત્યુ પામ્યા છે. તેમને ભારત લાવવામાં આવ્યાને એક વર્ષ પણ વીત્યું નથી. મૃત્યુનો આ આંકડો સારી વાત નથી. કેન્દ્ર વતી એડિશનલ સોલિસિટર જનરલ (ASG) ઐશ્વર્યા ભાટી કોર્ટમાં હાજર થયા હતા.

## સંમતિથી સંબંધ બાંધ્યા તો ગર્ભપાતની મંજૂરી નહીં મળે : બોમ્બે હાઈકોર્ટ

મુંબઈ

બોમ્બે હાઈકોર્ટે ૧૭ વર્ષની સગીરાની અરજી પર સુનાવણી કરતા મોટો નિર્ણય સંભળાવ્યો છે. સગીરાએ કોર્ટ પાસે ગર્ભપાતની પરવાનગી માંગી હતી, પરંતુ કોર્ટે તેને મંજૂરી આપવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. બોમ્બે હાઈકોર્ટની ઔરંગાબાદ બેન્ચે કહ્યું કે બાળક સહમતિથી બાંધેલા સંબંધનું પરિણામ છે તેથી બાળકને દુનિયામાં જીવિત રહેવાનો અધિકાર છે.

જસ્ટિસ રવીન્દ્ર વી. ઘુગે અને જસ્ટિસ વાય.જી. ખોબરાગડેની બેન્ચે તેના ચુકાદામાં નોંધ્યું હતું કે સગીરાને પ્રેગ્નન્સી વિશે સંપૂર્ણ સમજ હતી અને તે પોતે જ પ્રેગ્નન્સી કિટ લઈને આવી હતી અને પ્રેગ્નન્સીની પુષ્ટિ કરી હતી.



## દેશ-વિદેશથી

### બાંગ્લાદેશમાં ડેન્ગ્યૂનો કહેર, એક જ દિવસમાં ૨૬૧ લોકોના મોત થતાં હાહાકાર, શહેરની તમામ હોસ્પીટલોના બેડ ફૂલ

ચોમાસાની સિઝન શરુથતાં જ ભારતમાં ડેન્ગ્યૂનો કહેર શરુથઈ ગયો છે, પરંતુ માત્ર ભારતમાં જ ડેન્ગ્યૂનો કહેર નથી, પાડોશી દેશ બાંગ્લાદેશમાં પણ ડેન્ગ્યૂનો રાફડો ફાટ્યો છે, અને હજારોની સંખ્યામાં લોકો ડેન્ગ્યૂની ઝપેટમાં આવી રહ્યાં છે. અત્યારે બાંગ્લાદેશમાં ડેન્ગ્યૂનો કહેર યથાવત છે. બાંગ્લાદેશની રાજધાની ઢાકા સહિત તમામ વિસ્તારોની હોસ્પીટલો ડેન્ગ્યૂના દર્દીઓથી ભરેલી છે અને ડેન્ગ્યૂના લક્ષણોમાં વધારો થયો છે. બાંગ્લાદેશમાં અત્યાર સુધીમાં ડેન્ગ્યૂના ૫૪,૪૧૬ કેસ નોંધાયા છે. બાંગ્લાદેશી મીડિયાના અહેવાલ મુજબ, બાંગ્લાદેશમાં મંગળવારે જાહેર કરાયેલા અહેવાલ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૧૦ લોકોના મોત થયા છે. દેશમાં અત્યાર સુધીમાં ડેન્ગ્યૂથી મૃત્યુઆંક ૨૬૧ પર પહોંચી ગયો છે. બાંગ્લાદેશી આરોગ્ય સેવાઓના મહાનિર્દેશાલયના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં લગભગ ૨૫૮૪ વાયરલ તાવના દર્દીઓ નોંધાયા છે. જેની હોસ્પીટલમાં સારવાર ચાલી રહી છે. ૨૫૮૪ દર્દીઓમાંથી ૧૧૩૧ દર્દીઓ ઢાકાની હોસ્પીટલમાં દાખલ છે જ્યારે અન્ય દર્દીઓ અન્ય શહેરોમાં સારવાર હેઠળ છે. આ સમયગાળા દરમિયાન બાંગ્લાદેશમાં ડેન્ગ્યૂના ૯૨૬૪ સક્રિય કેસ છે. તેમાંથી ઢાકામાં ૪૮૬૯ ડેન્ગ્યૂના દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે. જ્યારે બાકીના દર્દીઓ દેશના વિવિધ વિસ્તારોમાં દાખલ છે. અત્યાર સુધીમાં કુલ ૫૪,૪૧૬ ડેન્ગ્યૂના કેસ નોંધાયા છે, જેમાંથી ૪૪,૮૯૧ લોકો સ્વસ્થ થયા છે. ડેન્ગ્યૂના વધતા કેસોને કારણે, બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ મંગળવારે ડેન્ગ્યૂની જાગૃતિ અને નિવારણ માટે પાંચ નિર્દેશો જાહેર કર્યા હતા. અવામી લીગના જનરલ સેક્રેટરી ઓબેદુલ કાદિરે પાર્ટીના કાર્યકરો સહિત દરેકને આ સૂચનાનો અમલ કરવા વિનંતી કરી. મીડિયા અહેવાલો અનુસાર, બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાની ડેન્ગ્યૂની જાગૃતિ અને નિવારણ માટેના નિર્દેશોનો અમલ અવામી લીગ, મહીલા અવામી લીગ, કૃષક લીગ, જુબો લીગ, અવામી અંજબી પરિષદ, તંતી લીગ, જુબો મહિલા લીગ, મત્સ્યજીબી લીગ, વિદ્યાર્થી લીગ દ્વારા કરવામાં આવ્યો છે. ફ્રીડમ ડોક્ટર્સ કાઉન્સિલ, રાષ્ટ્ર શ્રમિક લીગ અને મહિલા શ્રમિક લીગ સુધી પહોંચાડી દેવામાં આવી છે.

### આંદામાન અને નિકોબારમાં ભૂકંપના આંચકા અનુભવાયા, રિક્ટર સ્કેલ પર ૫.૦ની તીવ્રતા

નિકોબાર ટાપુઓમાં આજે સવારે ભૂકંપના આંચકા અનુભવાયા છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા ભૂકંપની માહિતી આપવામાં આવી છે. અહેવાલો અનુસાર, સવારે ૫.૪૦ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા.રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૫.૦ નોંધવામાં આવી છે. સારી વાત એ છે કે ભૂકંપના કારણે કોઈપણ પ્રકારના નુકસાનના સમાચાર હજુ સામે આવ્યા નથી.તમને જણાવી દઈએ કે, શુક્રવારે આંદામાન ટાપુઓ પર ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૫.૮ માપવામાં આવી હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ જણાવ્યું હતું કે મોડી રાત્રે લગભગ ૧૨.૫૩ વાગ્યે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. તેનું કેન્દ્ર જમીનથી ૬૯ કિલોમીટર ઊંડે હતું.

### પોલેન્ડે સરહદ પર સેના, લડાયક હેલિકોપ્ટર તૈનાત: બેલારુસ પર સીમામાં ઘૂસવાનો આરોપ

પોલેન્ડે તેની સરહદ પર સેના તૈનાત કરવાનું શરૂકરી દીધું છે. તેણે બેલારુસ પર તેના એરસ્પેસનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો છે. પોલેન્ડના સંરક્ષણ મંત્રાલયે કહ્યું- અમે પૂર્વી સરહદ પર વધુ સૈન્ય દળો અને લડાયક હેલિકોપ્ટર મોકલવાનું શરૂકર્યું છે. આ સિવાય નાટોને સીમા ઉલ્લંઘન સાથે જોડાયેલી માહિતી પણ આપવામાં આવી છે.તે જ સમયે, પોલેન્ડે બેલારુસના ડેપ્યુટી એમ્બેસેડરને પણ બોલાવ્યા છે. આ કિસ્સામાં, બેલારુસની સૈન્યએ કોઈપણ સરહદ ઉલ્લંઘનનો ઈનકાર કર્યો હતો. તેણે આરોપ લગાવ્યો કે પોલેન્ડ સરહદ પર સૈનિકો તૈનાત કરી રહ્યું છે અને તેને યોગ્ય ઠેરવવા માટે અમને દોષી ઠેરવી રહ્યું છે.જો કે, પાછળથી બેલારુસની સૈન્યએ સ્વીકાર્યું કે તેઓ પોલિશ એરસ્પેસમાં પ્રવેશ્યા હતા. તેમણે કહ્યું કે આ ખૂબ જ ઓછી ઉંચાઈ પર થયું છે, જેના કારણે તેને રડાર પર રોકી શકાયું નથી. બેલારુસના જણાવ્યા અનુસાર, તેમાં MI-8 અને MI-24 હેલિકોપ્ટરનો સમાવેશ થાય છે.બેલારુસે કહ્યું કે તેમના વિમાનોએ કોઈ સરહદનું ઉલ્લંઘન કર્યું નથી.

## મહારાષ્ટ્રના પુણે જિલ્લાના લવાસામાં બનશે PM મોદીનું સૌથી ઉંચું સ્ટેચ્યુ, સ્ટેચ્યુ ઓફ યુનિટીથી પણ હશે વધુ ઊંચાઇ



નવી દિલ્હી

પીએમ મોદીની સૌથી ઉંચી પ્રતિમા તૈયાર થશે. આ પ્રતિમાની ઊંચાઇ સ્ટેચ્યુ ઓફ યુનિટીથી પણ વધારે હશે.મહારાષ્ટ્રના પુણે જિલ્લાના લવાસા ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ પ્રતિમાનું બનાવવામાં આવશે. આગામી ડિસેમ્બર માસ સુધીમાં આ પ્રતિમા તૈયાર થઈ જવાની આશા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા પુણેના લવાસા શહેરમાં બનવા જઈ રહી છે. આ પ્રતિમા ૧૯૦-૨૦૦ મીટરની ઉંચાઈ પર વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા હશે. પૂણેના લવાસા વિસ્તારને પ્રવાસીઓની પહેલી પસંદ માનવામાં આવે છે. મોદીની પ્રતિમાનું અનાવરણ ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ અથવા તે પહેલા કરવામાં આવે તેવી શક્યતા છે. ડાર્વિન પ્લેટફોર્મ ગ્રુપ ઓફ કંપનીઝ (ડીપીજીસી)ના વડા અજય હરિનાથ સિંહના જણાવ્યા અનુસાર, આ કાર્યક્રમમાં ઈઝરાયેલ, જર્મની, ફ્રાન્સ, સંયુક્ત આરબ અમીરાત, સાઉદી અરેબિયા અને યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના વાણિજ્ય દૂતાવાસના પ્રતિનિધિઓ પણ હાજરી આપશે.

સિંહે કહ્યું કે, આ પ્રતિમા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ અને રાષ્ટ્રની અખંડ એકતા માટે કરવામાં આવી રહેલા પ્રયાસોને સમર્પિત કરવામાં આવશે. નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (દ્બઝ્રન્) એ લવાસા સ્માર્ટ સિટી માટેના રિઝોલ્યુશન પ્લાનને મંજૂરી આપતાં, આ ભવ્ય પ્રતિમાનું વિઝન હવે વાસ્તવિક બનવાની નજીક છે.

ડીપીઆઈએલના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, લવાસા, જ્યાં પ્રતિમા સ્થાપિત થવાની છે, ત્યાં એક સંગ્રહાલય, એક મેમોરિયલ ગાર્ડન, મનોરંજન કેન્દ્ર અને એક પ્રદર્શન હોલ હશે જે દેશના વારસા અને નવા ભારતની આકાંક્ષાઓને પ્રદર્શિત કરશે. એક્ઝિબિશન હોલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જીવન અને સિદ્ધિઓનું પ્રદર્શન હશે. આ સાથે, તે નવ ભારતના નિર્માણમાં તેમના દ્વારા આપેલા યોગદાનને પણ પ્રદર્શિત કરશે.મહારાષ્ટ્રમાં ચોમાસા દરમિયાન પહાડી વિસ્તારોની મુલાકાત લેવા માટે લોકો આખું વર્ષ રાહ જુએ છે. ચોમાસામાં લીલીઘાસથી છવાઈ છતાં હોવાથી કુદરતી સૌદર્યથી સમગ્ર વાતાવરણ ખુશનુમા બની જાય છે. ચોમાસામાં પહાડો પરથી વહેતા ઝરણા કુદરતની શોભાને ઔર નિખારે છે. આ મનોહર દ્રશ્યો નિહારવા માટે મોનસૂનમાં મોટી સંખ્યામાં લોકો આવે છે.

## ભારત-પાકિસ્તાન વર્લ્ડ કપ મેચની તારીખ બદલાઈ: ૧૫ નહીં, ૧૪ ઓક્ટોબરે મેચ

મુંબઈ

ક્રિકેટનો મહાકુંભ આઈસીસી ક્રિકેટ વર્લ્ડકપ ૨૦૨૩ આગામી ૫મી ઓક્ટોબરે શરૂથઈ રહ્યો છે, આ વખતે વર્લ્ડકપ ભારતમાં રમાવવાનો છે. છેલ્લા કેટલાય દિવસોથી ચર્ચા હતી કે ભારત અને પાકિસ્તાનની મેચો બદલાઈ શકે છે, હવે આ સમાચાર પર મહોર મારવામાં આવી છે, એટલે કે હવે ભારત અને પાકિસ્તાનની ટીમો ૧૪ ઓક્ટોબરે આમને-સામને ટકરાશે, જોકે, એવું માનવામાં આવી રહ્યું હતું કે ભારત-પાકિસ્તાનની મેચ ૧૫ ઓક્ટોબરે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે, પરંતુ હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે ટીમ ઈન્ડિયાનો મુકાબલો ૧૪ ઓક્ટોબરે બાબર આઝમની ટીમ સાથે થશે.ભારત-પાકિસ્તાન મેચોની તારીખો કેમ બદલવામાં આવી ?

હાલમાં જ ક્રિકેટ વર્લ્ડકપ ૨૦૨૩નું શિડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે. તે શિડ્યૂલ પ્રમાણે, ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૫ ઓક્ટોબરે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મેચ રમાવાની હતી, પરંતુ હવે કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ખરેખરમાં, નવરાત્રિનો પહેલો દિવસ ૧૫ ઓક્ટોબરે છે. જેના કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જોકે હવે ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ ૧૫ ઓક્ટોબરના બદલે ૧૪ ઓક્ટોબરે રમાશે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચના સ્થળમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે.

## હવે ઘરે-ઘરે લહેરાવાશે ત્રિરંગો, ઈન્ડિયા પોસ્ટની ૧.૬ લાખ પોસ્ટ ઓફિસમાંથી વેચાશે રાષ્ટ્રધ્વજ

નવી દિલ્હી

દેશના સ્વતંત્રતા દિવસને હવે ગણતરીના દિવસો જ બાકી છે અને વર્ષ ૨૦૨૨ની જેમ આ વર્ષે પણ કેન્દ્ર સરકાર દરેક ઘરે તિરંગા ઝુંબેશ ચલાવી રહી છે. આ અંતર્ગત રાષ્ટ્રધ્વજ દેશના છેવાડાના ખૂણે પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે સરકાર દ્વારા ભારતીય ટપાલ વિભાગને કામગીરી સોંપવામાં આવી છે. ગયા વર્ષે, આઝાદી કા અમૃત મહોત્સવ (AKAM) ના નેજા હેઠળ, ભારત સરકારે હર ઘર તિરંગા અભિયાન શરૂકર્યું અને પોસ્ટ વિભાગ (DOP) આ અભિયાનને અંત સુધી લઈ ગયું. ૧૩-૧૫ઓગસ્ટ, ૨૦૨૩વચ્ચે હર ઘર તિરંગા અભિયાનનું આયોજન કરવામાં આવશે. આ વર્ષે પણ સરકાર ૧૩-૧૫ ઓગસ્ટ, ૨૦૨૩ વચ્ચે 'હર ઘર તિરંગા અભિયાન'નું આયોજન કરી રહી છે. દેશમાં ૧.૬ લાખ પોસ્ટ ઓફિસના વિશાળ નેટવર્કનો લાભ લેવા અને અભિયાન અંતર્ગત દેશની તમામ પોસ્ટ ઓફિસોમાં ભારતીય ધ્વજનું વેચાણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ઈન્ડિયા પોસ્ટની ૧.૬ લાખ પોસ્ટ ઓફિસમાં તિરંગા ધ્વજનું વેચાણ ટૂંક સમયમાં શરૂથશે. લોકો તેમની નજીકની પોસ્ટ ઓફિસમાં જઈને ધ્વજ ખરીદી શકે છે. આ સિવાય ટપાલ વિભાગની ઈ-પોસ્ટ ઓફિસ સુવિધા (www.epostoffice.



gov.in) દ્વારા પણ રાષ્ટ્રધ્વજ ખરીદી શકાય છે.દેશના લોકો તેમના ઘરો અને ઓફિસો પર લહેરાવેલ રાષ્ટ્રધ્વજ સાથે સેલ્ફી લઈ શકે છે અને તેને IndiaPost4Tirnga, HarGharTirnga, HarDilTirnga હેશટેગ્સ સાથે સોશિયલ મીડિયા પર અપલોડ કરી શકે છે. આના દ્વારા દરેક ઘર તિરંગા અભિયાનનો સભાન ભાગ બની શકે છે.લોકોના હૃદયમાં દેશભક્તિની ભાવના અને ભારતની યાત્રા માટે ગર્વની ભાવના જગાડવા માટે સરકાર દ્વારા ગયા વર્ષે હર ઘર તિરંગા અભિયાન શરૂકરવામાં આવ્યું હતું. ૨૦૨૨ માં આ ઝુંબેશ ખૂબ જ સફળ રહી, જ્યાં ૨૩ કરોડ પરિવારોએ તેમના ઘરે ત્રિરંગો ફરકાવ્યો અને ૬ કરોડ લોકોએ હર ઘર તિરંગા (HGT) વેબસાઈટ પર સેલ્ફી અપલોડ કરી.

## તંત્રી સ્થાનેથી...

# ગુણવત્તાયુક્ત શિક્ષણની જરૂર કેમ છે?

અમે સુનિશ્ચિત કરીએ છીએ કે છોકરીઓ અને છોકરાઓ બંનેને ગુણવત્તાયુક્ત પ્રારંભિક વિકાસ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણની ઍક્સેસ હોય. સસ્તું અને ગુણવત્તાયુક્ત ટેકનિકલ, વ્યાવસાયિક અને તૃતીય શિક્ષણની સમાન પહોંચ સુનિશ્ચિત કરવી જરૂરી છે. યાદ રાખો કે શિક્ષણ એક એવું વરદાન છે, જો તે પ્રાપ્ત થાય તો જીવન સારું બને છે. શિક્ષણ આપણને અન્ય જીવોથી અલગ બનાવે છે. આ માણસને પૃથ્વી પરનો સૌથી બુદ્ધિશાળી અને સ્માર્ટ પ્રાણી બનાવે છે. તે મનુષ્યને સક્ષમ બનાવે છે અને જીવનના પડકારોનો સામનો કરવા માટે તૈયાર કરે છે. પરંતુ આ ત્યારે જ શક્ય બનશે જ્યારે શિક્ષણ ગુણોની કસોટી પર ઉતરશે. ગુણવત્તાયુક્ત શિક્ષણ એક એવો મુદ્દો છે જેના વિશે તમામ રાજ્ય સરકારો ગંભીર બની છે. કોઈપણ રીતે, છેલ્લા વર્ષોમાં આપણા સમાજે જે કંઈ પ્રગતિ કરી છે તેનું કારણ શિક્ષણ છે. શિક્ષણ એ સમાજનો આધાર છે. તે સુધારાને જન્મ આપે છે અને નવીનતાનો માર્ગ મોકળો કરે છે. આ સંદર્ભમાં, ગુણવત્તાયુક્ત શિક્ષણનું મહત્વ ઓછું આંકી શકાય નહીં. આ જ કારણ છે કે મહાન હસ્તીઓએ સંસ્કારી સમાજમાં તેના મહત્વ પર વિસ્તૃત રીતે લખ્યું છે. શિક્ષણને કારણે જ માણસ બ્રહ્માંડની વિશાળતા અને અણુઓમાં તેના અસ્તિત્વના રહસ્યને શોધી શક્યો છે. જો ત્યાં શિક્ષણ ન હોત, તો ગુરુત્વાકર્ષણ, જ્ઞાનાત્મક વિસંવાદિતા, લેસર ઓપરેશન્સ અને અન્ય લાખો ખ્યાલો અસ્તિત્વમાં ન હોત. આજે પણ ઘણા એવા દેશો છે જે ગુણવત્તાયુક્ત શિક્ષણની દોડમાં પાછળ છે. આપણે પણ આવા દેશોની રેખામાંથી બહાર નીકળી શક્યા નથી. બેલ્જિયમ સ્થિત સંસ્થા એજ્યુકેશન ઈન્ટરનેશનલ (ઈ) ગુણવત્તાયુક્ત શિક્ષણને વ્યાખ્યાયિત કરે છે જે લિંગ, જાતિ, વંશીયતા, સામાજિક-આર્થિક સ્થિતિ અથવા ભૌગોલિક સ્થાનને ધ્યાનમાં લીધા વિના દરેક વિદ્યાર્થીના સામાજિક, ભાવનાત્મક, માનસિક, શારીરિક અને જ્ઞાનાત્મક વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. . સરળ ભાષામાં ગુણવત્તાયુક્ત શિક્ષણ એ આધુનિક સમાજની માંગ છે અને ગુણવત્તાની માંગ દરેક જગ્યાએ હોય છે પછી ભલે તે કોઈપણ ક્ષેત્રમાં હોય. તે બાળકને માત્ર પરીક્ષાઓ માટે જ નહીં પરંતુ સમગ્ર જીવન માટે તૈયાર કરે છે. ૨૦૧૨ માં, યુનાઈટેડ નેશન્સે પ્રથમ વખત તેના ટકાઉ વિકાસ લક્ષ્યાંકોમાં ગુણવત્તાયુક્ત શિક્ષણનો સમાવેશ કર્યો હતો. આ ઉપરાંત આધુનિક સમયમાં શિક્ષણ ટેકનોલોજીથી ખૂબ પ્રભાવિત છે. આ ટેક્નોલોજીથી વિદ્યાર્થીઓ માટે શિક્ષણ મેળવવું સરળ બન્યું છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ માત્ર વિદ્યાર્થીને નોકરી માટે તૈયાર બનાવે છે, પરંતુ તે વ્યક્તિના સમગ્ર વ્યક્તિત્વનો વિકાસ પણ કરે છે. બાળકોના કિસ્સામાં, તેનો ઉદ્દેશ્ય સર્વગ્રાહી ઉછેરનો છે જેમાં તેઓને તંદુરસ્ત જીવનશૈલી જીવવામાં મદદ કરવા અભ્યાસક્રમના એક ભાગ તરીકે મૂલ્યો અને નૈતિકતા શીખવવામાં આવે છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ શું છે તે સમજો. ગુણવત્તાયુક્ત શિક્ષણ એટલે એવું શિક્ષણ જે તેની રચનાના ઉદ્દેશ્યોને સારી રીતે સમજે અને તમારા માટે ફાયદાકારક હોય. જો આધુનિક યુગની વાત કરીએ તો કોઈપણ દેશના શિક્ષણને ગુણવત્તાયુક્ત કહેવું ખોટું છે. વર્તમાન શિક્ષણ તેના ઉદ્દેશ્યો સિદ્ધ કરવામાં નિષ્ફળ રહ્યું છે. ગુણવત્તાયુક્ત શિક્ષણમાં મોટાભાગે એ જ શિક્ષણનો સમાવેશ થાય છે જે શિક્ષણ, અધ્યાપન-શિક્ષણમાં વિદ્યાર્થીઓની રુચિ અને ક્ષમતાઓને સમજે છે અને સમાજની જરૂરિયાતોને પૂર્ણ કરે છે અને વિદ્યાર્થીઓને જીવન આપવા સક્ષમ બનાવે છે. યુનાઈટેડ નેશન્સ વધુ ઉજ્જ વળ અને સમૃદ્ધ ભવિષ્ય માટે શિક્ષણના મહત્વને સમજે છે અને તેથી માને છે કે માત્ર શિક્ષણ પર નહીં, ગુણવત્તાયુક્ત શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સમાં, યુનાઈટેડ નેશન્સે ૨૦૩૦ સુધીમાં વિશ્વને બદલવાના મુખ્ય ધ્યેય તરીકે ગુણવત્તાયુક્ત શિક્ષણની ઓળખ કરી છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ એ તમામ માટે સમાન અને પ્રમાણભૂત શિક્ષણનો સંદર્ભ આપે છે જે જીવનભરના શિક્ષણ અને જ્ઞાનના સંપાદનને પ્રોત્સાહન આપે છે. સર્વસમાવેશકતા અને સમાનતા એ ગુણવત્તાયુક્ત શિક્ષણનો પાયો છે, ઉચ્ચ સાક્ષરતા દર નથી. શિક્ષણને સમજવું અને તેને વિશ્વને બદલવાનું માધ્યમ બનાવવું એ એક ક્રાંતિકારી અભિગમ છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ શા માટે મહત્વનું છે? આપણે બધા જાણીએ છીએ કે કેવી રીતે ટેકનોલોજી શિક્ષણનો ચહેરો બદલી રહી છે. માત્ર શિક્ષણ મેળવવાની પદ્ધતિ જ બદલાઈ નથી પરંતુ વિદ્યાર્થીઓને ભણાવવાની પદ્ધતિઓ પણ વિકસિત થઈ છે. અગાઉનું શિક્ષણ વધુ એકતરફી હતું, પરંતુ આજકાલ શિક્ષકો વિદ્યાર્થીઓને વર્ગખંડમાં માહિતીનો દ્વિ-માર્ગી પ્રવાહ જાળવવા પ્રોત્સાહિત કરે છે. યુનાઈટેડ નેશન્સે વૈશ્વિક સ્તરે સંખ્યાબંધ સમસ્યાઓની ઓળખ કરી છે, જેને જો ધ્યાન આપવામાં ન આવે તો, ગંભીર સમસ્યાઓ થઈ શકે છે. આવા મુદ્દાઓનો સામનો કરવા માટે, નેતાઓ અને અનુભવી વ્યાવસાયિકોની જરૂરિયાત વધી રહી છે જેઓ પોતપોતાના ક્ષેત્રોમાં નિષ્ણાત હોય. વિદ્યાર્થીઓમાં અસરકારક નેતૃત્વ અને શક્તિને પ્રોત્સાહિત કરવા માટે શિક્ષણ પ્રથાનો એક અત્યાધુનિક માર્ગ શોધવો જરૂરી બની ગયો છે. લેટેસ્ટ ટેક્નોલોજીના યુગમાં દુનિયામાં ગમે ત્યાંથી માહિતી મેળવી શકાય છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ આપતી વખતે વિદ્યાર્થીના વ્યક્તિત્વને ઘડતર માટે ઘણા પ્રયત્નો કરવા પડે છે, પરંતુ નવી ટેકનોલોજીના આગમનથી વિદ્યાર્થી જરૂરી સંસાધનોથી માત્ર એક ક્લિક દૂર છે. શૈક્ષણિક સંસ્થાથી સેંકડો માઈલ દૂર બેસીને વિદ્યાર્થીઓ સંસ્થામાંથી ઓનલાઈન ક્લાસ લઈ શકે છે, ઓનલાઈન કારકિર્દી કાઉન્સેલિંગનો લાભ લઈ શકે છે અને મફત ઓનલાઈન લાઈબ્રેરીઓમાંથી સંસાધનો મેળવી શકે છે. ગુણવત્તાયુક્ત શિક્ષણનો ઉદ્દેશ્ય હાંસલ કરવો એ દેશ માટે અત્યંત જરૂરી બની ગયું છે. વધતો જતો અપરાધ દર, યુદ્ધો, રોગચાળો ફાટી નીકળવો, ગંભીર આર્થિક મંદી, આબોહવા પરિવર્તન અને અન્ય ઘણા પરિબળોને કારણે વિશ્વભરના સમાજોમાં અણધાર્યા ફેરફારો થયા છે. આને કારણે, વિશ્વભરના શિક્ષણવિદો અને વિકાસ સંગઠનો ગુણવત્તાયુક્ત શિક્ષણની જરૂરિયાત પર ભાર મૂકે છે અને આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે લોકોને એક કરે છે. શિક્ષિત લોકો આ ધ્યેયો હાંસલ કરવા માટે કામ કરી શકે તેવી ઘણી રીતો છે, જેમાં આપણા સમુદાયના લોકોના નાના જૂથને શિક્ષિત કરવાથી લઈને મોટા વૈશ્વિક મુદ્દાઓ વિશે જાગૃતિ ફેલાવવા સુધી. નવી પદ્ધતિઓ બનાવવા ઉપરાંત, શિક્ષણમાં નાટક અને કલાનો ઉપયોગ કરવાની પરંપરાગત પદ્ધતિઓ પણ સારા પરિણામો આપી શકે છે અને શૈક્ષણિક પ્રક્રિયાને સમૃદ્ધ બનાવવામાં મદદ કરી શકે છે. ગુણવત્તાયુક્ત શિક્ષણનું લક્ષ્ય હાંસલ થાય અને છોકરીઓ અને છોકરાઓને અસરકારક રીતે શીખવા માટે મફત પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પૂરું પાડવામાં આવે તેની ખાતરી કરવા રાજ્ય સરકારોએ પહેલ કરવી જોઈએ. અમે સુનિશ્ચિત કરીએ છીએ કે છોકરીઓ અને છોકરાઓ બંનેને ગુણવત્તાયુક્ત પ્રારંભિક વિકાસ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણની ઍક્સેસ હોય. સસ્તું અને ગુણવત્તાયુક્ત ટેકનિકલ, વ્યાવસાયિક અને તૃતીય શિક્ષણની સમાન પહોંચ સુનિશ્ચિત કરવી જરૂરી છે. યાદ રાખો કે શિક્ષણ એક એવું વરદાન છે, જો તે પ્રાપ્ત થાય તો જીવન સારું બને છે. શિક્ષણ આપણને અન્ય જીવોથી અલગ બનાવે છે. આ માણસને પૃથ્વી પરનો સૌથી બુદ્ધિશાળી અને સ્માર્ટ પ્રાણી બનાવે છે. તે મનુષ્યને સક્ષમ બનાવે છે અને જીવનના પડકારોનો સામનો કરવા માટે તૈયાર કરે છે. પરંતુ આ ત્યારે જ શક્ય બનશે જ્યારે શિક્ષણ ગુણવત્તાના માપદંડોને પૂર્ણ કરશે.

# પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુખપરને મળ્યું આરોગ્ય ક્ષેત્રનું રાષ્ટ્રીય કક્ષાનું સન્માન

### એનએચએસઆરસી દિલ્હીના રાષ્ટ્રીયકક્ષાનાં નિષ્ણાંતો દ્વારા દર્દી કલ્યાણને લગતી સુવિધાઓનું મૂલ્યાંકન કરી રાષ્ટ્રીય ગુણવત્તા ખાત્રી ધોરણ સબબનું પ્રમાણપત્ર અપાયું






ભુજ,

કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના હેલ્થ વેલનેસ સેન્ટર - પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુખપરને ગુણવત્તાની દ્રષ્ટીએ રાષ્ટ્રીયકક્ષાનું પ્રમાણપત્ર રાષ્ટ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી જાહેરાત અંતર્ગત એનાયત કરવામાં આવ્યુ છે. હેલ્થ વેલનેસ સેન્ટર સુખપરએ નેશનલ ક્વોલીટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ( એનક્યુએએસ) ના ધારા ધોરણો અંતર્ગત ૮૮.૭ ટકા સાથે રાષ્ટ્રીય કક્ષાનુ સર્ટિફિકેટ મેળવ્યુ છે.

આરોગ્ય સેવાની લગતી રાષ્ટ્રીય કક્ષાની ગુણવત્તા સંબંધિત આ પ્રમાણપત્ર બાબતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ઓપીડી, આઈપીડી, લેબોરેટરી, લેબરરૂમ, નેશનલ હેલ્થ પ્રોગ્રામ અને જનરલ એડમિનિસ્ટ્રેશન એમ કુલ ૬ ડિપાર્ટમેન્ટના દરેક ડિપાર્ટમેન્ટ દીઠ ૮ એરિયા ઓફ કન્સરનને ૧૩૬૩ જેટલા ચેકપોઈન્ટની ચકાસણી રાષ્ટ્રીયકક્ષાનાં નિષ્ણાંતો દ્વારા કરવામાં આવી હતી. તદુપરાંત દર્દીઓના આરોગ્યની સેવા તથા સુવિધાના અલગ માપદંડ મુજબ અભિપ્રાય પણ મેળવવામાં આવ્યા હતા.

વિવિધ પ્રકારના ચેકલીસ્ટ મુજબ હેલ્થ અને વેલનેસ સેન્ટર ખાતે ચકાસણી થયા બાદ તાજેતરમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા હેલ્થ વેલનેસ સેન્ટર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુખપરને સેવા સુવિધા ગુણવત્તા સબંધિત ૮૮.૭ ટકા માર્કસ સાથે નેશનલ ક્વોલીટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ(એનક્યુએએસ) એટલેકે રાષ્ટ્રીય ગુણવત્તા ખાત્રી ધોરણનું રાષ્ટ્રીય કક્ષાનુ પ્રમાણપત્ર એનાયત કરાયું છે. જેથી સ્થાનિકોને મળતી સુવિધા અને તબીબી સેવાઓમાં પણ ઉતરોત્તર વધારો થશે અને હેલ્થ વેલનેસ સેન્ટર - સુખપર દ્વારા સર્વિસ ડિલિવરીમાં ગુણવતાના ધોરણોને સુધારવામાં યોગદાન આપીને દર્દી કેન્દ્રિત ગુણવતા સુધારણાના ટકાઉ મોડેલ માટે માર્ગ મોકળો થયો છે.

આ પ્રમાણપત્ર મેળવવા માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તબીબ ડો.રોહિત ભીલ, ડો.અંકિતા વાલા સહિત તમામ સ્ટાફ, ગામના સરપંચશ્રી અમ્રતબેન ગોરસિયા, પૂનમબેન મેપાની સહિત અન્ય આગેવાન અને ગ્રામજનોના સંપૂર્ણ સહયોગ થકી તેમજ તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડો.કેશવકુમાર સિંહ, જિલ્લા ક્વોલિટી એસ્યોરન્સ મેડિકલ ઓફિસર ડો.અમીન અરોરા અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો.રવિન્દ્ર ફુલમાલીના માર્ગદર્શન થકી આ સિદ્ધિ મેળવેલી છે. રાજ્ય આરોગ્ય સેવાઓ અને માળખાકીય સુવિધાઓને ગુણવતાયુક્ત બનાવવાની સરકારની નેમ છે. ત્યારે જિલ્લાને આરોગ્ય ક્ષેત્રે મળેલા આ સન્માન બદલ જિલ્લા કલેકટરશ્રી અમિત અરોરા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી શૈલેષ પ્રજાપતિ તેમજ સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હેલ્થ વેલનેસ સેન્ટર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુખપરની સમગ્ર ટીમ તથા જિલ્લા આરોગ્ય વિભાગને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## નલીયામાંથી મળેલો યુવાન ૧૮ વર્ષ પછી ઘરે પહોંચ્યો પુત્રને તેડવા ૮૫ વર્ષીય માતા ભુજ પહોંચ્યા

ભુજ,

મધ્યપ્રદેશનાં વિદિશા જીલ્લાનાં શેરખેડા ગામનો યુવાન મલકાન પ્રજાપતિ ઉ.વ. ૧૭ અચાનક ગુમ થતાં પરિવારજનોએ તેની સતત શોધખોળ ચલાવી હતી. તેની ખૂબ ચિંતા સેવી હતી. તે વર્ષો સુધી અનેક રાજ્યોનાં શહેરોમાં રખડતો-ભટકતો રહ્યો હતો. અનેકવિધ દુ:ખ સહન કર્યું. અનેક વખત ખાવાનું નમળતાં તે ભૂખ્યો સૂઈ રહેતો. અનેક ઘણી મુશ્કેલીઓ અને આફતો સહન કરી.

આખરે તે રેલ્વે માર્ગે ભુજ પહોંચી રખડતો-ભટકતો પગે ચાલી અબડાસાનાં નલીયા ગામ સુધી પહોંચ્યો હતો. નલીયાનાં સેવાભાવી કાર્યકર નલીશભાઈ મકવાણાએ માનવજ્યોત સંસ્થા ભુજને જાણકારી આપી હતી કે, નલીયામાં એક પરપ્રાંતિય માનસિક દિવ્યાંગ આવેલો છે. માનવજ્યોત સંસ્થાએ વાહન દ્વારા તેને ભુજ લઈ આવી શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છ મધ્યે રાખી ભુજની માનસિક આરોગ્યની હોસ્પીટલનાં મનોચિકિત્સક ડોકટરશ્રી પાસેથી સારવાર કરાવતાં તે માત્ર ૧૫ દિવસમાં તે સ્વસ્થ બન્યો હતો. નલીયાનાં નીલેશ મકવાણાની મહેનત રંગ લાવી.

જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ભુજનાં સીનીયર પેરાલીગલ વોલીન્ટીયર પ્રબોધ મુનવરનાં માર્ગદર્શન હેઠળ આશ્રમનાં સામાજિક કાર્યકર રીતુબેન વર્માએ મધ્યપ્રદેશ પોલીસનો સંપર્ક કરી તેનું ગામ અને પરિવાર શોધી કાઢ્યા. સમાચાર મળતાં જ પરિવારમાં ખુશી છવાઈ ગઈ. માતાની ૧૮ વર્ષની વેદનાંઓનો અંત આવ્યો. પરિવારજનોએ વીડીયો કોલ કરી મળેલ પરિવારજનની ખાત્રી મેળવી તુરત જ ભુજ આવવા ટ્રેનમાં બેઠા. માનવજ્યોતનાં પાલારા મધ્યેના આશ્રમે પહોંચતાં જ માતા-પુત્ર અને તેનાં બંને ભાઈઓ મલકાન ને ભેટી પડતાં ભાવુક દ્રશ્યો સર્જાય હતા. ઉપસ્થિત સૌની આંખો અશ્રુભીની બની હતી. ૧૮ વર્ષ પછી માની વેદનાંઓ નો અંત આવ્યો. "મા,,ની મમતા-કરૂણા-અને પ્રેમની લાગણી વરસી. ૮૫ વર્ષિય માતા પુત્રને મળી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. સંસ્થાને અંતરનાં આશિર્વાદ પાઠવ્યા. આજે પુત્ર ૩૫ વર્ષનો થઈને ઘર સુધી પહોંચ્યો છે. પરિવારજનોમાં નવી આશા-ચેતના જાગી છે. ઘર જઈ રહેલા આ યુવાનને હાર તોરા પહેરાવી શુભેચ્છાઓ પાઠવાઈ હતી. માનવતાનાં આ કાર્યમાં રમેશભાઈ માહેશ્વરી, સુરેશભાઈ માહેશ્વરી, પૃથ્વીરાજસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, કનૈયાલાલઅબોટી, આનંદ રાયસોની,મગનભાઈ ઠક્કર, પંકજ કુરૂવા, રફીક બાવા, નીતીન ઠક્કર, પ્રવિણ ભદ્રા, ભુપેન્દ્રભાઈ બાબરીયા,નરશીંભાઈ પટેલ સહકાર આપ્યો હતો.

## સ્વ.વેલજીભાઇ મહેતાની સ્મૃતિમાં રાપર પાંજરાપોળમાં ૧૨૦૦૦ કિલો લીલાચારાનું નિરણ કરાયું

ભુજ,

જૈન સેવા સંસ્થા નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્રના ઉપક્રમે સંસ્થા પરિવારના સહયોગથી તાજેતરમાં અબોલ પશુ માટે પોતાનું સંપૂર્ણ જીવન સમર્પિત કરનાર સેવાના ભેખધારી, જીવદયાપ્રેમી સ્વ.વેલજીભાઈ ઈંદરજીભાઈ મહેતાની સ્મૃતિમાં રાપર પાંજરાપોળનાં ગૌવંશને ૧૨૦૦૦ બાર હજાર કિલો લીલાચારાનું નિરણ કરાયું હતું.



સેવાના ભેખધારી મુઠ્ઠી ઉંચેરા માનવી સ્વ.વેલજીભાઈ મહેતાની અબોલ જીવો પ્રત્યેની લાગણીથી હાલે દાદરમાં ચાતુમાસઅર્થે બિરાજમાન વાગડ સમુદાયના સુવિશાલ ગચ્છાધિપતિ જૈનાચાર્ય પ.પૂ.આ.ભ. શઅરીમદ વિજય કલ્પતરૂસુરિશ્વરજી મ.સા. ખુબ જ પ્રભાવિત હતા. અને ૭૬ વર્ષની જૈફ વયે મુંબઈ મધ્યે શ્રી વેલજીભાઈ મહેતાના ૯ મા માળે આવેલ નિવાસસ્થાને પૂ. ગુરૂદેવે પગે ચાલીને પાવન પગલાં કર્યા હતા અને સ્વ.વેલજીભાઈ તથા તેમના પરિવારજનોને માંગલીક સંભળાવી સાંત્વના આપી હતી. અને વાસક્ષેપથી વાસીત કરી સ્વ.વેલજીભાઈની અંતિમ સ્થિતિ સુધારી લીધી હતી. તેવું વી.જી.મહેતા અને ચમનલાલ મહેતાએ જણાવ્યું હતું.

આ અવસરે સંસ્થાના પ્રમુખના નેતૃત્વમાં હિરેન દોશી,પ્રદિપ દોશી, શાંતિલાલ મોતા, વિજય મહેતા, કે.બી. પરમાર, ઓજશ શેઠ, ચિંતન મહેતા વિગેરેએ વ્યવસ્થા સંભાળી હતી.

## જાયન્ટસ ગ્રુપ ઓફ માંડવીના ઉપક્રમે સગર્ભા મહિલાઓને દેશીઘીની સુખડીનું વિતરણ

માંડવી,

જાયન્ટસ ગ્રુપ ઓફ માંડવીના ઉપક્રમે તાજેતરમાં લાખાસર ચોક-માંડવીમાં આવેલા શિવ-શાંતિ કલિનિક અને માંડવીની સિવિલ હોસ્પીટલમાં આવેલા શ્રીમતી ભાનુમતી શ્યામજી કૃષ્ણવર્મા પ્રસુતિ ગૃહમાં સગર્ભા મહિલાઓને યોગ્ય પોષણ મળી રહે તે હેતુસર દેશી ઘીની સુખડીનું વિતરણ કરવામાં આવેલ હતું. સંસ્થાના પ્રમુખ પરેશભાઈ સોની, ઉપપ્રમુખ બળવંતસિંહ ઝાલા, ખજાનચી યોગેશભાઈ ભટ્ટ, જાયન્ટસ વેલફેર ફેડરેશન ૩ બી (રાજ્ય)ના પૂર્વ મિડીયા ઓફિસર દિનેશભાઈ શાહ,માંડવી જાયન્ટસ ના પર્યાવરણ ચેરમેન રાજેશભાઈ સોની અને વસંતગીરી ગોસ્વામી જોડાયા હતા. આ પ્રોજેક્ટમાં નિતીનભાઈ સોમૈયા, જયેશભાઈ સાધુ, ડૉ.કૃપાલીબેન વિરાણી અને એચ.ડી. જેનુમાબેન ખોજા સહયોગી રહ્યા હતા.

## શિક્ષકોની વિદાય પર મીઠા પસવારીયાના લોકોની આંખો ભીંજાઈ

આણંદપર(યક્ષ)

શિક્ષક જ્યારે શિસ્ત, વાત્સલ્ય અને સમર્પણથી જ્ઞાન પીરસે ત્યારે ત્યાં સ્નેહનું વાવેતર ચોક્કસ થાય જ છે.આવી જ કંઈક પ્રતિતિ અંજાર તાલુકાની શ્રી મીઠા પસવારીયા પ્રાથમિક શાળામાં જોવા મળી હતી.જિલ્લા ફેરબદલીમાં અત્રેની શાળામાંથી આચાર્ય બેનશ્રી ઉર્મિલાબેન બલદાણીયા અને શિક્ષક તરીકે કાર્યરત એવા મહેશભાઈ કાનાણી નો વિદાય સમારંભ માત્ર શાળા પરિસરમાં જ નહીં પરંતુ સમગ્ર ગામમાં પણ યોજાયો.



સમસ્ત શાળા પરિવાર દ્વારા શિક્ષકશ્રીઓનું ભાવપૂર્ણ રીતે વિદાયનો કાર્યક્રમ યોજાયા બાદ તન મનનો સંપૂર્ણ સમર્પણ કરી ગામમાં શિક્ષાની જ્યોતને પ્રજવલિત અને દેદીપ્યમાન કરનાર આ બંને ગુરુજનોને સમગ્ર ગ્રામજનો દ્વારા પુષ્પ વર્ષા અને તેમની સમગ્ર ગામમાં શોભા યાત્રા કાઢી તેમના સમર્પણને વંદન કરવામાં આવ્યા હતા.ભાવભીની આંખે અને રડતા હૃદયે નાનકડા બાળકોથી માંડી શાળા પરિવાર અને સમસ્ત ગ્રામજનોએ શુભેચ્છાઓ અને સન્માન સાથે બંને શિક્ષકશ્રીઓને વિદાય આપી હતી. સંભવત સમગ્ર કચ્છની આ પહેલી ઘટના હશે કે શિક્ષકશ્રીઓના વિદાયના પ્રસંગે સમગ્ર ગામમાં તેમની શોભાયાત્રા કાઢવામાં આવી હોય.આ પ્રસંગે શાળામાંથી વિદાય લઈ રહેલા શિક્ષકશ્રીઓ ઉર્મિલાબેન અને મહેશભાઈ પણ સતત રડતા અને ભાવુક થયેલા દેખાયા હતા.તેવું કૃષ્ણકાન્ત પંડયાએ જણાવ્યું હતું.

## પ્રબોધ મુનવરને ચેન્જમેકર ઓફ ઈન્ડીયા એવોર્ડ અર્પણ કરાયો



ભુજ,

ગ્રીનપ્રેન્યોર દ્વારા માનવજ્યોત સંસ્થા ભુજનાં શ્રી પ્રબોધ મુનવરને "ચેન્જરમેકર ઓફ ઈન્ડીયા એવોર્ડ,, અર્પણ કરાયો હતો.અમદાવાદ મેનેજમેન્ટ એસોશિએશન હોલ મધ્યે યોજાયેલા એવોર્ડ વિતરણ કાર્યક્રમમાં માનવજ્યોત સંસ્થા ભુજનાં પ્રબોધ મુનવરની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની નોંધ લઈ રાજ્ય કક્ષાનાં સહકાર અને મીઠા ઉદ્યોગ વિભાગનાં મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માનાં વરદ્ હસ્તે શ્રેષ્ઠ કામગીરી માટે આ એવોર્ડ અર્પણ કરાયો હતો. આ પ્રસંગે વ્યાપાર જગતનાં શ્રી પ્રવિણભાઈ પરમાર, ડો. ક્રિષ્નાં આર્ય, કચ્છના પબીબેન રબારી, હુન્નર શાળાનાં મહાવીર આચાર્ય સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# 'વિશ્વ સ્તનપાન સપ્તાહ' : માતાના દૂધમાં બાળકને તમામ પોષક તત્ત્વો યોગ્ય પ્રમાણમાં મળી રહે છે

રાજકોટ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧ ઓગસ્ટથી ૭ ઓગસ્ટ દરમિયાન 'વિશ્વ સ્તનપાન સપ્તાહ' મનાવવામાં આવે છે. દુનિયાભરમાં શિશુઓનાં આરોગ્યમાં સુધારા અને સ્તનપાનને પ્રોત્સાહિત કરવાના હેતુ સાથે આ સપ્તાહ મનાવાય છે. માતાનું દૂધ એક સંપૂર્ણ આહાર છે, જેમાં બાળકની જરૂરિયાતના તમામ પોષક તત્વો યોગ્ય પ્રમાણમાં હોય છે. જેને શિશુ સરળતાથી પચાવી શકે છે. ભારતીય સંસ્કૃતિમાં ગાયને પણ માતા કહી છે. પ્રાચીનકાળમાં ભગવાન શ્રી કૃષ્ણ ગાયનું દૂધ સીધું જ દોહીને પીતા હતા. એવી જ રીતે થોડા વર્ષો પૂર્વેની જ વાત કરીએ તો મોટા ભાગે લોકો ગામડામાં રહેતા અને તેમના ઘરમાં જ ગાય રહેતી હતી જેના કારણે તેમને ચોખ્ખું દૂધ મળી રહેતું હતું. ભારતના ગામડાઓમાં આજે પણ ઘણી જગ્યાએ લોકો આવી જ રીતે ગાયનું સુધ સીધું જ દોહીને પીતા હોય છે. દેશી કુળની ગાયનું દૂધ પીવાના ઘણા ફાયદા થાય છે. પ્રાચીન કાળથી ગાયનો મહિમા અપરંપાર છે કહેવાતું હતું કે આપણા દેશમાં દુધની ગંગાઓ વહેતી હતી. ગાયનું દુધ અનમોલ તો હોય જ છે પણ તેમાં પણ ગીર ગાયનું દૂધ સર્વશ્રેષ્ઠ છે. પણ આધુનીકીકરણને કારણે સાત્વિકતા ઘટતી જાય છે ને ગાયોની ઉપેક્ષા વધતી જાય છે. વેદપુરાણોમાં ગાયને કામધેનું કહેવાય છે કેમ કે તે મરે ત્યાં સુધી દૂધ આપતી રહે છે. ગાયનાં દૂધનાં અનેક ફાયદાઓ છે જેનો આધાર પણ વૈજ્ઞાનિક છે.

આપણે ભારતમાં પરંપરા છે કે આપણે શિશુઓ અને બાળકોને કાચું દૂધ આપીએ છીએ. જીવનના પ્રારંભિક તબક્કે તંદુરસ્ત સ્નાયુ બનાવવી ક્રિયા થવી ખૂબ જરૂરી છે. સ્નાયુ મજબૂતાઈ માટે દૂધ શ્રેષ્ઠ ખોરાક છે. દૂધ ૨૦% વ્હેય અને ૮૦% કેસિન પ્રોટીન છે, બંને સ્નાયુઓના નિર્માણ માટે જવાબદાર છે.

દૂધમાં ટ્રિપ્ટોફેન છે જે એમિનો એસિડ છે. ટ્રિપ્ટોફેન સુસ્તીનું કારણ બને છે તેનો અર્થ એ છે કે તમે ઊંઘ અનુભવશો! તેથી સુતા સમય પહેલાં ગરમ દૂધ ગ્લાસ ઊંઘ ની મજબૂત કિક આપે છે.

મજબૂત હાડપિંજર જીવન જીવવા માટે જરૂરી છે. શરીર ને તંદુરસ્ત શરીર ત્યારે કહેવામાં આવે છે જો તમારું હાડપિંજર રોજ-બ-રોજ કાર્ય કરે. હાડપિંજર ને કેલ્શિયમને પસંદ છે! અને દૂધ કેલ્શિયમ નો અત્યંત સમૃદ્ધ સ્રોત છે, તમારા દાંતને કેલ્શિયમની જરૂર છે. દૂધના કપમાં ૨૭૬ - ૩૦૦ મિલિગ્રામ (એમજી) કેલ્શિયમ છે. દૈનિક ધોરણે પુરુષો / સ્ત્રીઓમાં ૧૦૦૦ એમજી કેલ્શિયમ હોવું જોઈએ.

સંશોધન બતાવે છે કે દૂધ મગજના જ્ઞાનાત્મક કાર્યને સુધારે છે. દૂધ વિટામિન બી ૧૨ નો સ્રોત છે, તેમાં બી ૧૨ સારા એવા પ્રમાણમાં હોય છે આમ દૂધ શાકાહારી લોકો માટે વરદાન છે. મગજની શક્તિ અને જ્ઞાનાત્મક કાર્ય માટે વિટામિન બી ૧૨ આવશ્યક છે, તે અલ્ઝાઈમર રોગને અટકાવવામાં મદદ કરે છે. તમારા મગજ માટે, કૃપા કરીને દૈનિક ઓછામાં ઓછું ૧ કપ દૂધ પીવો!

ગાય ઓમેગા -૩ ફેટી એસિડનું ઊંચું મૂલ્ય ધરાવે છે. ઓમેગા ૩ એચડીએલ કોલેસ્ટેરોલ વધારે છે જે 'સારા' કોલેસ્ટેરોલ તરીકે ઓળખાય છે. ઓમેગા ૩ હાનિકારક રક્ત ગંઠાઈ જવાથી અટકાવે છે. ઓમેગા - ૩ હાઈ બ્લડ પ્રેશરવાળા લોકોના બ્લડ પ્રેશર સ્તર ઘટાડે છે. ટૂંકમાં, દૂધમાં આવા તત્વો છે જે હૃદય માટે ખૂબ જ સારા છે.

ગાયના દૂધમાં ઓમેગા ૩, એન્ટીઑકિસડન્ટ સંયોજનો અને પ્રોટીન જેવા પદાર્થો છે જે એસીડીટી મટાડે છે.

દૂધમાં લિનોલીક એસિડ (સીએલએ) છે જે શરીરમાં ચરબી બાળે છે. ડેરી કેલ્શિયમ પણ શરીરમાં વજન ઘટાડે છે. દૂધમાં વિટામીન ડી હોય છે, જે ચરબીને બાળવામાં મદદ કરે છે.

દૂધમાં એન્ટિ-કેન્સર એજન્ટો હોય છે જે કેન્સર કોશિકાઓના વિકાસને અટકાવે છે. કેટલાક સંશોધન સૂચવે છે કે દૂધનો નિયમિત વપરાશ કેન્સર અટકાવે છે. ઑટોગો યુનિવર્સિટીનું સંશોધન અને તેના પરિણામ કહે છે કે દૂધના દૈનિક વપરાશથી આંતરડાના કેન્સરનું જોખમ ૩૦% જેટલું ઓછું થઈ ગયું છે. ઘણા અભ્યાસોએ જણાવ્યું છે કે ઓછી ચરબીવાળા દૂધથી અંડાશયના કેન્સરનું જોખમ ઓછું થયું છે. દૂધમાં રહેલું સીએલએ-કન્જેજ્યુટેડ લિનોલિક એસિડ એન્ટી કેન્સર એજન્ટ માટે જાણીતું છે. પ્રાચીન સમયથી સ્ત્રીઓ ચમકતી ચામડી માટે દૂધનો ઉપયોગ કરે છે, આજ ના સમય મા પણ લોકો હળદરની પેસ્ટ અને દૂધ ને ચેહરા પાર ચમકતી ચામડી માટે લગાવે છે. પ્રાચીન સમયમાં રાણીઓ અને અન્ય ઉજવણી કરનારા મહિલાઓ દૂધ થી સ્નાન કરતી! દૂધ તેમની સુંદરતા માટે જવાબદાર હતું. દૂધમાં લેક્ટિક એસિડ મૃત ત્વચા દૂર કરે છે. આયુર્વેદ અનુસાર ગાયના દૂધમાં ઓજ (શક્તિ) વધારવા નું શ્રેષ્ઠ દ્રવ્ય છે. સારા આરોગ્ય અને યાદશક્તિ માટે ગાય દૂધ શ્રેષ્ઠ છે.

# મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ત્રીજી ઓગસ્ટના ૭૪માં રાજયકક્ષાના વન મહોત્સવની ઉજવણી પંચમહાલમાં કરાશે





## મુખ્યમંત્રીશ્રીના હસ્તે ૧.૧ હેકટર વિસ્તારમાં નિર્માણ પામેલા જેપુરા-વન કવચનું કરાશે લોકાર્પણ,ક્રોકોડાઇલ રેસ્ક્યુ સેન્ટર- પાવાગઢનું પણ ઈ- લોકાર્પણ કરાશે

ગાંધીનગર,

રાજયમાં પર્યાવરણના જતન અને નવીન વનોના નિર્માણ માટે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી એ નવતર અભિગમ દાખવીને રાજયના વિવિધ જિલ્લાઓમાં સાંસ્કૃતિક વનોનું નિર્માણ કર્યું છે.જે અતર્ગત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ૭૪માં રાજ્ય કક્ષાના વન મહોત્સવની ઉજવણી તા.૩જી ઓગસ્ટના રોજ પંચમહાલ જિલ્લામાં કરાશે.

પાવાગઢથી માત્ર ૬ કિલોમીટરના અંતરે જેપુરા ખાતે વિરાસત વનની બાજુમાં ૧.૧ હેકટર વિસ્તારમાં ગોધરા સામાજીક વનીકરણ વિભાગ દ્વારા વૈજ્ઞાનિક ઢબે વન કવચનું નિર્માણ કરાયું છે જેનું લોકાર્પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરવામાં આવશે.મુખ્યમંત્રીશ્રીની સાથે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ બાદ મહાનુભાવો વન કવચ સંકુલની મુલાકાત પણ લેશે.

આ વેળા એ મંત્રીશ્રી મુળુભાઈ બેરા, મંત્રીશ્રી ડો.કુબેરભાઈ ડિંડોર,રાજ્ય કક્ષાના મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઈ ભરવાડ સહિત જીલ્લાના સાંસદ સભ્યશ્રી,ધારાસભ્યશ્રી ઓ અને પદાધિકારીશ્રીઓ પણ જોડાશે.

ભારત ઔષધી અને જડીબુટ્ટીઓની સમૃદ્ધિ ધરાવતો દેશ છે,જેમાં પાવાગઢ જેવી શક્તિપીઠ ખાતે મા મહાકાળીએ અઢળક ઔષધિઓ ખજાના સ્વસ્થે આપણને ભેટ આપી છે,જેની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ નોંધ લીધી અને વર્ષ ૨૦૧૧માં રાજ્ય કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરી અને વિરાસત વન સ્વસ્થે સાંસ્કૃતિક વનની ભેટ આ પવિત્ર શક્તિપીઠના નાગરિકોને આપી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના હસ્તે દ્વારકા ખાતે નિર્માણ પામનાર સાંસ્કૃતિક વન- હરસિધ્ધિ વનનું ઈ- ખાતમુર્હુત, દીપડા ગણતરી પુસ્તિકાનું વિમોચન,ક્રોકોડાઈલ રેસ્ક્યુ સેન્ટર- પાવાગઢ અને ક્રાકજ એનિમલ કેર સેન્ટર-પાલીતાણાનું ઈ-લોકાર્પણ,નડાબેટ - બનાસકાંઠા ખાતે વરું સોફ્ટ રિલીઝ સેન્ટરનું ઈ -લોકાર્પણ તથા સહભાગી વન વ્યવસ્થા મંડળી ઓને સહાય ચેક વિતરણ કરાશે.

પાવાગઢથી માત્ર ૬ કિલોમીટરના અંતરે જેપુરા ખાતે વિરાસત વનની બાજુમાં ૧.૧ હેકટર વિસ્તારમાં ગોધરા સામાજીક વનીકરણ વિભાગ દ્વારા વૈજ્ઞાનિક ઢબે આ વન કવચનું નિર્માણ કરાયુ છે.

પાવાગઢ ખાતે આવેલા સાત કમાન જેવા જ આ વન કવચમાં પથ્થરથી બનેલો પ્રવેશદ્વાર તથા અહીના ગઝેબો એ ઉત્તમ શિલ્પકારીનું ઉદાહરણ.

વિશિષ્ઠ સેન્ડસ્ટોન પ્રકારના પથ્થરની ઉપર કોતરણી કરીને ૮ પીલ્લરની મદદથી ઉભા કરવામાં આવ્યા છે આ ગઝેબોઝ.જે પાવાગઢના યુનેસ્કો વિશ્વ ધરોહર સ્થળના બિરુદને શોભાવે છે.

આ ગઝેબોઝ ઉપર ૪ વિશિષ્ઠ વનસ્પતિઓ જેવી કે વડ,આંબો, કાંચનાર તથા કેસૂડાની ડાળીઓ અને પાંદડાની આબેહુબ પ્રતીકૃતીઓની લોખંડની પટ્ટીઓ પર કોતરણી કરી ગુંબજ બનાવવામાં આવ્યો છે.

આ વન કવચનું એન્જીનીયરીંગ જોતા રાજુલા પથ્થરથી બનાવેલા રસ્તા, પથ્થરથી બનાવેલા જ ગઝેબોઝ તથા પ્રવેશદ્વાર વર્ષોવર્ષ સુધી જાળવણી મુક્ત રહેશે. આ વન કવચમાં મધ્ય ગુજરાતના વનોનું એક વામન સ્વસ્થ તૈયાર કરવામાં આવ્યું છે જેમાં ૧૦૦ થી પણ વધુ વૃક્ષ, ક્ષુપ અને વેલા ઔષધીઓનું વાવેતર કરાયું છે.

ઔષધીઓ તરીકે ઉપયોગી અર્જુન સાદડ, મીંઢળ, સમિધ કણજો, કુસુમ, ચારોળી, ટીમરુ, અરડૂસી, વાયવર્ણો, પારીજાતક, અશ્વગંધા વગેરે તેમજ અતિ દુર્લભ એવી પાટલા, કીલાઈ, પત્રાળી, કુસુમ, ભિલામો, ટેટુ, ભૂત આલન, કુંભયો, ભમ્મરછાલ, રગત રોહીડો, મટરસિંગ,બોથી વગેરેનું વાવેતર કરાયું છે.

વન કવચમાં 'સિલ્વા' તથા મધ્ય ગુજરાતની વિવિધ નર્સરીઓમાં ઉછેરાતા સ્થાનિક પ્રજાતિના રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે.

૧.૧ હેકટર જેટલી જગ્યામાં આશરે ૧૦૦ જેટલી વનસ્પતિની જાતોનું અને ફૂલોનું ૧૧૦૦૦થી પણ વધુ છોડનું વાવેતર કરવામાં આવ્યું છે.

જૈવિક ખાતરનો ઉપયોગ કરી કરવામાં આવેલ વાવેતરમાં વર્ષોથી સુષુપ્ત સ્ટ સ્ટોક થકી જંગલી કંટોળા જેવી અતિ દુર્લભ પ્રકારની વનસ્પતિ પણ હવે જાતે જ ઉગવા લાગી.

હાલમાં આ વન કવચમાં ૨૦૦થી પણ વધારે પ્રજાતિઓ જોવા મળે છે જે જૈવિક વિવિધતાનું ઉદાહરણ પૂરું પાડે છે.

# નખત્રાણા તાલુકામાં આવેલ પાલર ધુના અને કાળિયા ધ્રો જીવંત બનતા પ્રકૃતિ ખીલી ઉઠતા લોકો નજારો માણવા ઉમટયા

### હાલ સતત વરસાદ વરસતા કચ્છના દરેક ડુંગળો પર સીમલા જેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે



આણંદપર (યક્ષ)

ધીણોધર ડુંગર સહિતના સ્થળો પણ વરસાદના કારણે હરિયાળીથી મહેકી ઉઠ્યા છે.હાલ કચ્છમાં જેઠ માસથી સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે.જે હજુ સતત ચાલુ છે.આ વરસાદ બાદ કચ્છ જીલ્લાના નખત્રાણા પંથકમાં સારો એવો વરસાદ નોંધાઈ ચુક્યો છે.હાલમાં પડેલા વરસાદના પગલે કચ્છના નાયગ્રા ધોધ તરીકે ઓળખાતા 'પાલાર ધૂના' ધોધમાં પાણી જોવા મળ્યા છે.તો નખત્રાણ તાલુકામાં આવેલ થરાવડા નજીક જ કાળિયા ધ્રોમાં પણ વરસાદના ઘૂઘવતા પાલર પાણીના પ્રવાહથી જીવંત બની ઉઠ્યા છે. ઉપરવાસથી આવતા વરસાદી પાણી કુદરતી કોતરો વચ્ચેથી જોશભેર વહી નીકળ્યા હતા.

કુદરતી બક્ષિસ એવા નયનરમ્ય દ્રશ્યો જોવા પ્રકૃતિપ્રેમીઓ ઉમટી પડ્યા હતા.સ્થાનિક લોકો પર્યટકોને સ્થળ સુધી પહોંચવા મદદરૂપ બન્યા હતા.હાલમાં છુટા છવાયા પડી રહેલા વરસાદ અને દસેક દિવસ પૂર્વે પડેલા ભારે વરસાદના કારણે નખત્રાણા વિસ્તારમાં વાતાવરણ આહલાદક બની ગયું છે. મેઘમહેરથી તાલુકાના મંજલ,લાખાડી,પલીવાડ,આણંદપર તેમજ ઉપરવાસના ગામડાઓના વિસ્તારમાં ડુંગરાળ વિસ્તારમાં પાણી વહેતા થઈ ગયા હતા.નદી નાળામાં ધસમસતા પાણીનો પ્રવાહ વહેતો થઈ ગયો હતો.પુઅરેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલી નદીનું જે પાણી કચ્છના પ્રસિદ્ધ ધોધ એવા પાલરધૂનામાં જાય છે.જયાં વરસાદી પાણીના ધોધ સાથે ફિણોટા ઉડાડતા પાણીને જોવા માટે આસપાસના લોકો પહોંચે છે.

# રાપર તાલુકા પ્રાથમિક શિક્ષકોની આંતર જિલ્લા બદલી માટે ઓર્ડર એનાયત કરાયા

રાપર,

તાજેતરમાં રાજયના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શિક્ષકો માટે આંતર જિલ્લા બદલી માટે ઓનલાઈન અરજી મંગાવવામાં આવી હતી જેમાં જે તે જિલ્લાના અલગ અલગ તાલુકામાં આવેલ પ્રાથમિક શાળામાં વરસોથી ફરજ બજાવતા શિક્ષકોની તાજેતરમાં આંતર જિલ્લા કે જેમાં લગભગ શિક્ષકો ની બદલી વતન કે વતનની નજીકના જિલ્લામા થઈ હતી તે અન્વયે આજે રાપર તાલુકા પ્રાથમિક ની જુદી જુદી શાળામાં ફરજ બજાવતા ૨૭૦ શિક્ષકના આંતર જિલ્લા બદલીના ઓર્ડર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધીકારી સંજય પરમારની સુચનાથી રાપર તાલુકાના ઈન્ચાર્જ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી આંબાભાઈ મકવાણા તથા રાપર તાલુકા પ્રાથમિક શિક્ષકસંઘના હોદેદારોની ઉપસ્થીતીમાં ઓર્ડર આપવામાં આવ્યા હતા. અને તાત્કાલીક ધોરણે જેતે શાળામાંથી છુટા કરી બદલી વાળા જિલ્લામાં હાજર થવાનો હુકમ એનાયત કરવામાં આવ્યો હતો. રાપર તાલુકાની ૨૭૦ પ્રાથમિક શાળામાં કુલ ૧૩૫૦ શિક્ષક ફરજ બજાવતા હતા. જેમાંથી આજે ૨૭૦ ની આંતર જિલ્લા બદલી થઈ હતી અગાઉ ૨૩૦ શિક્ષકની જગ્યા ખાલી પડી હતી. હવે ૫૦૦ ની જગ્યા ખાલી થશે આગામી સમયમાં અન્ય જિલ્લામાંથી બદલી આવતા શિક્ષકની નિમણુંક કરવામાં આવશે.

# ભુજ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીમાં ડ્રાઈવિંગ ટેસ્ટની કામગીરી પુનઃ શરૂ

ભુજ,

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીના ઓટોમેટેડ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક પર ૨ વ્હીલર તેમજ ૪ વ્હીલર (એલ.એમ.વી.કાર)ની ડ્રાઈવિંગ ટેસ્ટ લેવાની કામગીરી ટેકનીકલ ખામી દૂર થતા રાબેતા મુજબ ચાલુ કરવામાં આવેલી છે. આથી અરજદારો ઓનલાઈન એપોઈન્ટમેન્ટ મેળવી ડ્રાઈવિંગ ટેસ્ટ આપી શકશે. જેની કચ્છ જિલ્લાની મોટરીંગ પબ્લીકે નોંધ લેવા પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની અખબારી યાદીમાં જણાવાયું છે.

# બાગાયતદાર ખેડૂતોએ ખેતી સહાય મેળવવા માટે ઓનલાઇન અરજી કરવા ૩૧મી ઓગષ્ટ સુધી પોર્ટલ ખુલ્લું રહેશે

ભુજ,

ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ માટે બાગાયત ખાતાની નવી યોજના ખેતર પરના ગ્રેડીંગ, શોર્ટીંગ, પેકીંગ એકમ ઉભા કરવા સહાય (પેક હાઉસ બનાવવા) તથા બાગાયત મૂલ્યવર્ધન એકમ ઉભા કરવા સહાયનો કાર્યક્રમ નવી બાબત તરીકે મંજુર થયેલ હોઈ આ યોજના હેઠળ ઉપરોક્ત ઘટકોમાં સહાય મેળવવા માટે તા.૩૧/૦૮/૨૦૨૩ સુધી આઈ- ખેડુત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવા માટે પોર્ટલ ખુલ્લું મુકવામાં આવેલ છે.

ખેતર પરના ગ્રેડીંગ, શોર્ટીંગ, પેકીંગ એકમ (પેક હાઉસ) ઉભા કરવાના ઘટકમાં બાંધકામ (ઓછામાં ઓછું ૫૦ ચો.મીટર કે તેથી વધુ) માટે બાગાયતી પાકોમાં કાપણી પછી બગાડ અટકાવવા ખેતર પર માળખાકીય સુવિધા ઉભી કરવા માટે થતા રૂ. ૩.૦ લાખ પ્રતિ એકમ ખર્ચને ધ્યાને લઈ મહત્તમ ૫૦ ટકા અથવા મહત્તમ રૂ. ૧.૫૦ લાખ/એકમ બે માંથી જે ઓછું હોય તે સહાય મળવાપાત્ર રહેશે. અને મશીનરી/સાધનોમાં ગ્રેડીગ, શોર્ટીંગ, વજન કરવાના, પેકીંગ, વોશીગ, પ્રાથમિક મૂલ્ય વર્ધન, સંગ્રહ માટે ક્રેટસ તથા બીન્સ/ પેલેટસ વિગેરેના સાધનો માટે રૂ. ૧.૦૦ લાખ ખર્ચને ધ્યાને લઈ ખર્ચના મહત્તમ ૫૦ ટકા અથવા મહત્તમ રૂ. ૦.૫૦ લાખ બે માંથી જે ઓછું હોય તે સહાય મળવાપાત્ર રહેશે.

બાગાયત મૂલ્યવર્ધન એકમ ઉભા કરવાના ઘટકમાં બાગાયતી પાકોમાં કાપણી પછી મૂલ્યવર્ધન પ્રક્રિયા જેવી કે ગ્રેડીંગ, શોર્ટીંગ, પેકીંગ, પ્રોસેસીંગ વિગેરે માટે ઓછામાં ઓછા ૧૫૦ ચો.મી. સુધીનું એકમ ઉભા કરવા માળખાકીય સુવિધા તથા મશીનરી અને સાધન સામગ્રી વસાવવા મહત્તમ રૂ. ૨૦.૦૦ લાખ પ્રતિ એકમ ખર્ચ ધ્યાને લઈ મહત્તમ રૂ.૧૦.૦૦ લાખ સુધી સહાય મળવાપાત્ર રહેશે. જેમાં બાંધકામ તથા આનુષાંગિક સાધનો માટે ખર્ચના ૨૫ ટકા અથવા મહત્તમ રૂ. ૫.૦૦ લાખ/એકમ બે માંથી જે ઓછું હોય તે કેપિટલ સહાય તથા બેન્ક લોન પર વાર્ષિક પાંચ ટકા વ્યાજ સહાય, પાંચ વર્ષ દરમ્યાન, વધુમાં વધુ કુલ રૂ.૫.૦૦ લાખ સુધીની મર્યાદામાં વ્યાજ સહાય મળવાપાત્ર રહેશે. તો આ બાગાયતી સહાય મેળવવા ઈચ્છુક ખેડૂતોએ ઓનલાઈન અરજી કરી જરૂરી સાધનિક પુરાવા સાથે અરજી નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, ભુજ ખાતે નીચે દર્શાવેલ સરનામા પર આપવા આથી જાહેર હિતમાં સુચિત કરવામાં આવે છે. જેની સર્વે ખેડુતોએ નોંધ લેવી. યોજનાની ટૂંકી વિગતો આઈ-ખેડૂત પોર્ટલ પર ઉપલબ્ધ છે. તેમજ વધુ માહીતી માટે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, રૂમ નં: ૩૧૦ બીજો માળ, બહુમાળી ભવન, ભુજ, જિ કચ્છ. (ફોન નં: ૦૨૮૩૨-૨૨૨૭૬૩, Email: ddhbhujgmEail.com) ઉપર સંપર્ક સાધવા નાયબ બાગાયત નિયામક ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.

# નારી વંદન ઉત્સવની ઉજવણી અંતર્ગત ૭મીએ મહિલા બાઇક રેલી યોજાશે

ભુજ,

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા દર વર્ષે તા. ૦૧ ઓગસ્ટ થી ૦૭ ઓગસ્ટ સુધી નારી વંદન ઉત્સવની સાપ્તાહિક ઉજવણી કરવામાં આવે છે . જે અંતર્ગત જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી - કચ્છ દ્વારા તા. ૦૭/૦૮/૨૦૨૩ના રોજ ફીટ ઈન્ડિયા થીમ અંતર્ગત મહિલા બાઈક રેલીનુ આયોજન કરવામાં આવેલુ છે. તેમજ ફીટ ઈન્ડિયા થીમ અંતર્ગત વાનગી સ્પર્ધા નું આયોજન કરવામાં પણ આવેલ છે. બાઈક રેલી તેમજ વાનગી સ્પર્ધામાં જોડાવવા માટે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ૯૭૩૭૦ ૯૩૮૦૦ પર રજીસ્ટ્રેશન લીંક માટે મેસેજ કરવાનો રહેશે.

# હિન્ડનબર્ગના રીપોર્ટની વિપરીત અસર સામે અદાણીનું ઇન્ફ્રા નેટવર્ક હુકમનો એક્કો પુરવાર થયું

## સમયથી પહેલા પ્રોજેક્ટ પૂરા કરવાનું અદાણીનું વર્ક કલ્ચર પ્રોફિટ માજીર્નમાં વૃધ્ધિનું મજબૂત પરિબળ

અમિતાભ બચ્ચનને અનેકવાર એવું કહેતા સાંભળ્યા છે કે ''જીવનમાં કષ્ટોથી કદી હતાશ ના થવું અને સફળતાથી કદી છકી ના જવું'' અમિતાભ બચ્ચન તેના સ્વાનુભાવે આ વાત કહેતા રહ્યા છે કારણ કે એક સમયે તેઓ આર્થિક રીતે નાદારની સ્થિતિમાં મૂકાઇ ગયેલા એ કપરા કાળમાંથી બહાર આવીને આજે તેમનું વ્યક્તિતવ લાર્જર ધેન લાઈફ સહુ કોઈ જોઈ રહ્યા છે.

આ વાત ભારતના અબજોપતિ ઉદ્યોગપતિ ગૌતમ અદાણીને પણ લાગું પડે છે.

છેલ્લા ત્રણ દાયકામાં ગૌતમ અદાણીએ ભારતના વિવિધ રાજ્યોમાં નિર્માણ કરેલ વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નેટવર્ક ફક્ત સ્થાનિક વ્યવસાયો જ નહી પરંતુ એપલ અને એમેઝોન જેવી વિદેશી કંપનીઓ માટે પણ અનિવાર્ય બની ગયું છે. તેમણે દેશમાં પરિવહનની કડીઓ જોડી છે તો કોલસા ઉત્પાદન અને ખાનગી વીજ પુરવઠાના ક્ષેત્રો ઉપર પણ મજબૂત પક્કડ હાંસલ કરી છે. અમેરીકી શોર્ટ સેલર હિંડનબર્ગ રિસર્ચે કરેલા છેતરપિંડીના આરોપો સામે લડી રહેલા અદાણી જૂથ માટે તેનું આ નેટવર્ક હુકમનો એક્કો સાબિત થયું છે.

આવતા દિવસોમાં 'સેબી' દ્વારા ચાલતી તપાસનું તારતમ્ય આવે તેવી શક્યતા વચ્ચે એક સર્વગ્રાહી સવાલ પૂછાય છે કે હિંડનબર્ગના આરોપો બાદ અદાણીના લાંબા ગાળાની સંભાવનાઓ શું છે? આ સંજોગો વચ્ચે તાજેતરમાં બ્લૂમબર્ગ દ્વારા જાહેર થયેલા સંકલિત ડેટા દર્શાવે છે કે મોટાભાગના ભારતીય ખાનગી ક્ષેત્રોમાં કાર્યરત અદાણી બજારમાં સૌથી વધુ હિસ્સો ધરાવે છે ૧.૪ બિલિયનના ભારતના બજારમાં અદાણીની જુદી જુદી કંપનીઓ લગભગ ૪૩% શિપિંગ કન્ટેનરનું કામકાજ કરે છે, બધા પ્રકારના કોલસાના ત્રીજા ભાગનું પરિવહન કરે છે. ખાનગી થર્મલ પાવર ઉત્પાદનની ક્ષમતાના લગભગ ૨૨%, ઉપરાંત સૌથી વધુ સોલાર અને વિન્ડ પ્લાન્ટ્સ અદાણી હસ્તક છે તો ભારતમાં ખાનગી ક્ષેત્રે વીજળી ટ્રાન્સમિશનમાં તેનું યોગદાન ૫૧% છે. અદાણી હસ્તકના એરપોર્ટ્સ દર વર્ષે લગભગ ૭૫ મિલિયન પ્રવાસીઓની હેરફેર કરે છે, આ આંકડો ફ્રાન્સની વસ્તીથી વધુ છે, અને અદાણી ગ્રુપની મહત્વાકાંક્ષા હવે ડોર સ્ટેપ ડિલિવરી અને લોજિસ્ટિક્સ સુધી વિસ્તરી રહી છે.

સરકારના સત્તાવાર આ આંકડાઓ અને અદાણીના નાણાકીય અહેવાલો સ્પષ્ટ કરે છે કે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી જતી મુખ્ય અર્થવ્યવસ્થામાં હિન્ડનબર્ગને નજર અંદાજ કરી અદાણી ગ્રૃપ શિરમોર હિસ્સા સાથે આગળ વધી રહ્યું છે

ભારતીય બજારે હર્ષદ મહેતા કાંડની ઉથલપાથલ અનુભવી છે. મતલબ કે કદાવર ઔદ્યોગિક સમૂહમાં એકાદ વિપરીત ઘટના અર્થતંત્રને થોડો સમય ડામાડોળ કરી શકે છે તેનું ઉદાહરણ હિન્ડનબર્ગના રીપોર્ટ પછી ભારતીય બજારે જોયું છે. સુપ્રિમ કોર્ટ નિયુકત સમિતિએ અદાણીને ક્લીન ચીટ આપવા ઉપરાંત ગ્રુપ ઉપરનો દેવા બોજ ઘટાડવા માટે લોનોની પાકતી મુદત પહેલા ચુકવણી જેવા પગલાઓના કારણે તેના શેરોમાં સુધારો થતા શેરના વેચાણે ગૃપની રોકડમાં વધારો થયો છે. અદાણી અને મોદીની સરકાર વચ્ચેના સંબંધો વિષે ટીકાકારો દ્વારા ઉઠાવાતા સવાલોને આ અબજોપતિએ વારંવાર નકારી કાઢ્યા છે. આજે લોકો પાસે સોશ્યલ મીડિઆ અને આર.ટી.આઈ.જેવા માહિતીના સાધનો છે ત્યારે સરકાર માટે પણ આઉટ ઓફ વે જઈને કામગીરી કરવી સરળ નથી. ભારતના વિકાસમાં અદાણી જુથને જોડવાની અમારી વ્યૂહરચના છે અને તેથી વિકાસની રફતારને વેગ આપવા માટે તેઓ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણમાં વધુ જોર આપે છે. એ વાત સ્વીકારવી પડે કે એપલ અને એમેઝોન જેવી દુનિયાની અગ્રણી કંપનીઓ પોતાની પ્રોડક્ટના સુચારું પરિવહન માટે અદાણી બંદરોનો ઉપયોગ કરે છે. આજે કચ્છના મુંદ્રા પોર્ટની સવલતોની દ્રષ્ટિએ ગણના એશિયાના શ્રેષ્ઠ બંદર તરીકે થાય છે. અદાણીએ આ બંદરનો કલ્પનાતીત વિકાસ કર્યો છે. આજે ખાનગી ક્ષેત્રમાં અદાણી ગ્રુપે એ સ્થિતિ હાંસલ કરી છે કે અદાણી પાવરના પ્લાન્ટ્સમાં જો કોઈ ખામી સર્જાય તો કેટલાક વિસ્તારોમાં લાઈટ બંધ થઈ શકે છે, જેની અસર ઘરો અને ફેકટરીઓને પણ થઈ શકે છે. રીન્યુએબલ્સ એનજીર્માં પણ અદાણી સમૂહના છેલ્લા કેટલાક વરસોમાં વધી રહેલા પ્રભાવે આજે તેને દુનિયાની પ્રથમ દસ કંપનીઓમાં લાવી મૂકી છે સાથોસાથ તે રાજ્યની માલિકીના સાહસોને પણ આગળ કરી રહ્યું છે. પરિણામે નિયમનકારી અનિશ્ચિતતાઓ વચ્ચે પણ અદાણી ઉપર ભારતીય અર્થતંત્રની નિર્ભરતા તેના નફામાં સતત વધારો કરી શકે છે ઘણી ભારતીય કંપનીઓના બોર્ડમાં સેવા આપી ચૂકેલા સિંગાપોર મેનેજમેન્ટ યુનિવર્સિટીના માર્કેટિંગના લી કોંગ ચિયાન પ્રોફેસર નિર્માલ્ય કુમાર કહે છે કે; આ બૂમ અને બસ્ટ ઈન્ડસ્ટ્રીઝ નથી,. આ વ્યવસાયમાં મૂડી પરનું વળતર સ્થિર છે અને તેમાં થોડું જોખમ રહેલું છે પરંતુ આ અસ્કયામતોનો ઉપયોગ વધતો રહેવાનો છે અને તેથી ભારતના વિકાસ સાથે રોકડ પ્રવાહ વધશે. અમદાવાદના એક બિલ્ડરે પોતાનો અનુભવ શેર કરતા કહ્યું હતું કે ધંધામાં પાંચ પૈસા કમાવા હોય, આગોતરું આયોજન હોય અને તમારી પાસે ચુનંદી ટીમ ઉપલબ્ધ હોય ત્યારે જો તમે હાથ ધરેલો પ્રોજેકટ સમય કરતા શક્ય વહેલો પૂર્ણ કરો તો તમને સૌ પ્રથમ તો મટીરિયલ્સ કોસ્ટનો લાભ મળે છે આ સહુને સમજમાં આવે એવું સીધું ગણિત છે, આવું અદાણીનું છે. તેની ખાત્રી કરવા અદાણી ગ્રૂપને ઈમેલથી પૂછેલું ત્યારે તેમણે આપેલો જવાબ એવો છે કે 'અમે એક એવું વર્ક કલ્ચર વિકસાવ્યું છે કે કોઈપણ મહાકાય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને ઝડપથી અને ઓછા ખર્ચે અમલમાં મૂકવાની નેમ સાથે કામ હાથમાં લઈએ છીએ. અદાણીના આ વર્ક કલ્ચરનો તેની સફળતામાં સિંહ ફાળો છે. તેનો સીધો ફાયદો એ થયો છે કે અમને પ્રોફિટ માર્જિન વધારવામાં મદદ કરી છે. અને પરિણામે અમારા જૂથના વ્યવસાયો આજે "નક્કર પાયા પર" છે, તમામ કાયદાના પાલન અને તેની મર્યાદામાં અમારો લીવરેજ રેશિયો અનુકૂળ સ્તરે છે.

હિંડનબર્ગના અહેવાલ બાદ એક તરફ બજારમાં ભારે અફડાતફડીનો માહોલ હતો ત્યારે અમેરીકાના સૌથી મોટા રોકાણકાર રાજીવ જૈને અદાણી ગ્રુપના માતબર શેરો ખરીદ્યા ત્યારે ભારતીય બજારમાં તેમનું નામ જોરશોરથી ચર્ચામાં આવ્યું હતું. તો બીજી તરફ અદાણી માટે આ એક નવી આશાનો ઉઘાડ હતો. તેમને જ્યારે આ વિષે એક વિદેશી ન્યુઝ ચેનલે પ્રશ્ન કર્યો ત્યારે રાજીવ જૈને કહ્યું હતું કે તેઓને આ ભારતીય ઉદ્યોગ સમૂહની માળખાકીય સંપત્તિએ આકર્ષ્યા હતા. અદાણીએ તેના વ્યવસાયની શરૂઆતમાં ટાટા જૂથ કે રિલાયન્સ જેવા મજબૂત હરીફોના મૂળિયા પહેલેથી જ ઉંડા હતા. એવા ક્ષેત્રોમાં પ્રવેશવાનું ટાળ્યું હતું.

સ્પર્ધાથી દૂર રહેવા તેણે એક સેકટરમાં મૂલ્યની કડીને નિયંત્રિત કરવાની દીશામાં પ્રયાસ કર્યો અને પોતાના જ એકબીજા સાથે સંકળાયેલા વ્યવસાયોમાં સતત રોકાણ કર્યું. એ જાણીતી વાત છે કે અદાણી થર્મલ પાવરમાં ભારત, ઈન્ડોનેશિયા અને ઓસ્ટ્રેલિયાની મધ્યમાં કોલસાની ખાણો ધરાવે છે. અને તેમાંના કોલ બ્લોક્સને શિપ દ્વારા અદાણી તેના બંદરો સુધી પહોંચાડે છે અને બાદમાં દેશભરમાં જુદી જુદી જગ્યાએ આવેલા અદાણીના પાવર પ્લાન્ટ માટે મોકલે છે. પાવર પ્લાન્ટમાં પેદા થતી વીજળી અદાણી ટ્રાન્સમિશનના કેબલ મારફત સમગ્ર દેશના ઘરઘરમાં અને અન્ય ઉદ્યોગોને આપે છે. અદાણીના વ્યવસાયોની આ ઈન્ટર લિન્ક અદાણી ગૃપની એક લાક્ષણિક્તા છે. અદાણીએ ઉભી કરેલી આ માળખાકીય સુવિધાઓ અદાણીએ તેના પૂરતો જ મર્યાદીત રાખ્યો નથી પરંતુ અન્ય સ્થાનિક અને વૈશ્વિક વ્યવસાયિકો પણ તેનો ઉપયોગ કરે છે પછી તેના હરીફ થર્મલ પ્લાન્ટને અહીં વિદેશી કોલસાની જરુર હોય તો તેઓ પણ આ સુવિધાનો ઉપયોગ કરે છે. સ્ટીલની આયાત કરતી ઓટોમોબાઈલ ઉત્પાદક, દક્ષિણપૂર્વ એશિયામાંથી નવીનતમ હેન્ડસેટ અને ગેજેટ્સ લાવનાર ઈલેક્ટ્રોનિક્સ રિટેલર અથવા મધ્ય પૂર્વમાંથી કાચા ક્રૂડની આયાત કરતી ઓઈલ અને ગેસ કંપની અદાણી પોર્ટનો ઉપયોગ કરે તેવી શક્યતા છે.

અદાણી પોતાના હરીફ ઉત્પાદકને વીજળી સપ્લાય કરે તેવી પણ શક્યતા છે. આમ ટાટા ગ્રૂપથી લઈ કાર નિર્માતા કંપની મારુતિ સુઝુકી ઈન્ડિયા લિ.અને એપલથી લઈ સેમસંગ ઈલેક્ટ્રોનિક્સ કંપની અદાણીના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ કરી શકે તેવા સંજોગો છે. ભારતભરમાં અદાણીના ૧૪ બંદરો છે. ઉપરાંત શ્રીલંકા, ઈઝરાયેલ અને ઓસ્ટ્રેલિયામાં ટર્મિનલ્સ છે. મતલબ કે ભારતીય ગ્રાહકો દ્વારા આયાત થતી ખાસ કરીને લેપટોપ્સ અને મોબાઈલ ફોન્સ સહીતની મોટાભાગની ચીજવસ્તુઓ અદાણીના બંદરો મારફત ગ્રાહકના ઘરઆંગણે પહોંચે છે. આ કામગીરી ભારતના વૈશ્વિક વેપાર માટે વ્યુહાત્મક રીતે મહત્વની છે. ભારતીય પાવર ઉત્પાદન માટે આયાત થતો ત્રીજા ભાગનો કોલસાનું પરિવહન અદાણી પોર્ટ મારફત થાય છે. અદાણી પોતાનું ૩૦૦ કિલોમીટર લાંબુ રેલ્વે નેટવર્ક ધરાવે. ઓસ્ટ્રેલિયામાં પણ તેની એક રેલ્વે લાઈન છે. ભારતમાં ૨૦૨૬ની સાલ સુધીમાં અદાણીની યોજના ૧૨,૦૦૦ કિ.મી.ના રોડનું નિર્માણ કરવાની છે.

પોર્ટ અને રેલ્વે નેટવર્ક ઉપરાંત અદાણી ગ્રુપ સાત એરપોર્ટનું સંચાલન કરે છે અને આઠમું મુબઈ શહેરની બહાર નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટનું નિર્માણ કરી રહયું છે. અદાણીના એરપોર્ટસે માર્ચ-૨૩ના અંત સુધીમાં ૭,૯૦,૦૦૦ ટન કાર્ગો હેન્ડલ કર્યો છે.

નેશનલ પાવર પોર્ટલના ૩૦મી એપ્રિલના ડેટા મુજબ ભારતની ઈલેકટ્રિસિટી ગ્રીડના ૯૧ ટકા ઉપર સરકારનું નિયંત્રણ છે. છેલ્લા ૬ વર્ષમાં વધુમાં વધુ ખાનગી ઓપરેટરોને આ ક્ષેત્રમાં લાવવાનો ભારત સરકારે નિર્ણય કરતા અદાણીએ આ તક ઝડપી લીધી છે. ટાટા પાવર લિ. અને અનિલ અંબાણીની રિલાયન્સ પાવર લિ.એ જ્યારે મોટા થર્મલ પાવર પ્રોજેક્ટ્સ માટે સરકારી લાઈસન્સ મેળવ્યા હતા, તે વખતે અદાણીએ ગુજરાતના મુંદ્રામાં પોતાનો કોલસા આધારિત પાવર પ્લાન્ટ સ્થાપવાનું નક્કી કર્યું. એક દાયકાથી વધુ સમય પછી આજે અદાણી પાવર દેશની સરકારી માલિકીની એનટીપીસી લિમિટેડ પછીની બીજી સૌથી મોટી થર્મલ-પાવર ઉત્પાદક કંપની બનીને ઉભરી છે.

જો કે, ફોસિલ ફ્યુઅલ ખતમ થઈ રહ્યું છે અને આગામી ત્રણ દાયકામાં વિશ્વના દેશો થર્મલ પાવર પરની તેમની નિર્ભરતાને ઓછી કરવાનું શરૂ કરે તેવી શક્યતા વચ્ચે અદાણી ગ્રીન એનર્જીએ તેમનું સમગ્ર લક્ષ્ય રિન્યુએબલ એનર્જી ઉપર કેન્દ્રીત કર્યું છે. અદાણી ગ્રીન એનર્જી ભારતની સૌથી મોટી રિન્યુએબલ એનર્જી કંપની બની છે. આગામી દાયકામાં ગ્રીન એનર્જી પ્રોજેક્ટ્સમાં ૭૦ બિલિયનનું રોકાણ કરવાની અદાણી ગ્રુપની યોજના છે, જેમાં સોલર સેલ મેન્યુફેક્ચરિંગ અને ગ્રીન હાઈડ્રોજન ઉપરાંત ૨૦ જીડબલ્યુ રિન્યુએબલ એનર્જી ક્ષમતાના લક્ષ્યાંકનો સમાવેશ થાય છે.ગ્રુપની ફલેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝ લિ.ની બેઠકમાં ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે આગામી સાત વર્ષમાં તેના રોકાણના ૮૫%નું રોકાણ ટ્રાન્સમિશન લાઈન્સ, ટ્રાન્સપોર્ટ અને લોજીસ્ટિકસ સહિત ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમનું સર્જન કરવામાં થશે. ભવિષ્યની તેની આવકમાં સિંહફાળો ગ્રીન સ્પેસમાંથી મળી શકે છે.

# અંજારમાં ફોટો વાઈરલ થવાની ડરથી પરિણીતાએ સાડી વડે ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું, પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી

અંજાર

અંજારના મેઘપર બોરીચીના સોનલનગર નજીક દસ દિવસ અગાઉ ખેતરમાં લીમડાના ઝાડની ડાળી પર સાડી વડે ગળે ફાંસો ખાઈ લેનારી યુવાન પરિણીતાના આપઘાતના કેસમાં નવો વળાંક આવ્યો છે. મૃતક પરિણીતાને તેનો પ્રેમી અશ્લીલ ફોટો વાઈરલ કરવાના નામે બ્લેકમેઈલ કરીને અનૈતિક સંબંધો ચાલું રાખવા સતત દબાણ કરતો હતો.

મરણ જનાર પરિણીતાના આદિપુર હનુમાન ગલી ચાર રસ્તા નજીક રહેતાં નવઘણ બાબુભાઈ રાણા સાથે પ્રેમલગ્ન કર્યા હતા. સંતાનમાં ૮, ૬ અને ૪ વર્ષની ત્રણ દીકરીઓ છે. આર્થિક સ્થિતિ નબળી હોઈ પરિણીતા આસપાસના ઘરોમાં ઘરકામ કરવા જતી હતી. તેના સાસુએ પોલીસને જણાવ્યું કે, તેમની વહુને નજીકમાં રહેતાં સાગર ઊર્ફે લવજી ભીલ (રહે. નવવાળી, આદિપુર) સાથે લગ્નેતર સંબંધ બંધાયેલાં. સાગરે પરિણીતા સાથે ગાળેલી અંગત પળોના અશ્લીલ ફોટોગ્રાફ પાડ્યા હતા. છેલ્લાં ચારેક વર્ષથી તેમની વહુ સાગર સાથેના અનૈતિક સંબંધોથી મુક્તિ ઈચ્છતી હતી, પરંતુ સાગર તેને છોડવા તૈયાર નહોતો.

તે અશ્લીલ ફોટો વાઈરલ કરવાની ધમકી આપી તેને બ્લેકમેઈલ કરીને પરાણે સંબંધ રાખતો હતો. સાગર સાથેના સંબંધો અંગે પતિ અને સાસુને પણ ખબર પડી ગઈ હતી. સાગરના ત્રાસથી પરિણીતા પરિવારમાં પણ પૂરતું ધ્યાન આપી શકતી નહોતી. તેના ત્રાસથી કંટાળીને છેલ્લાં ચાર વર્ષથી તે મેઘપર બોરીચી સોનલનગર પાસે રહેતી માતાના ઘરે રહેતી હતી અને પિયરેથી જ લોકોના ઘરકામ માટે આવ-જાવ કરતી હતી.પરિણીતાની સાસુએ એકવાર સાગરને ઘરે બોલાવી પોતાની વહુથી દૂર રહેવા ઠપકો આપ્યો હતો, પરંતુ સાગરે ઉશ્કેરાઈને તેમને પણ ધમકી આપી હતી કે 'મારે તો તેની સાથે ચારેક વર્ષથી સંબંધ છે, હું તેને જલ્દી નહીં છોડું. જો તે સંબંધ નહીં રાખે તો મારા ફોનમાં રહેલાં તેના અશ્લીલ ફોટો વાઈરલ કરી દઈશ'.પુત્રવધૂની મરણોત્તર ક્રિયા પૂર્ણ કર્યાં બાદ મૃતકની સાસુએ સમાજના આગેવાન સાથે અંજાર પોલીસ મથકે આવી સાગર સામે ફરિયાદ નોંધાવી છે. અંજાર પોલીસે પ્રેમી સામે આત્મહત્યાની દુષ્પ્રેરણા આપવા સબબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગરના ૫૯માં સ્થાપના દિનની ધામધૂમથી ઉજવણી કરાઈ, મેયર હિતેશ મકવાણાએ નગરજનોને શુભેચ્છા પાઠવી




ગાંધીનગર

ગાંધીનગરના ૫૯ માં સ્થાપના દિનની આજે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગરની જ્યાં પ્રથમ ઈંટ મૂકવામાં આવેલી એ જીઈબી થર્મલ પાવર સ્ટેશન ઉપરાંત સેકટર - ૫ ના સિનિયર સિટીઝન હોલ ખાતે મેયર, ધારાસભ્ય તેમજ સ્ટેન્ડીંગ ચેરમેન સહિતના મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિમાં કેક કટિંગ કરીને વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેયર હિતેશ મકવાણાએ વિકાસની હરણફાળ ભરતા ગાંધીનગરના જન્મદિનની નગરજનોને શુભેચ્છાઓ પણ પાઠવી હતી. આજરોજ ગાંધીનગરના ૫૯ માં સ્થાપના દિવસ નિમિત્તે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તેમજ ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા આયોજીત સમારોહમાં મેયર હિતેશ મકવાણા, ધારાસભ્ય રીટાબેન પટેલ તેમજ સ્ટેન્ડીંગ ચેરમેન જશવંત પટેલ સહીતના મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિમાં થર્મલ પાવર સ્ટેશન તેમજ સેકટર - ૫ ખાતે કેક કાપીને ધામધૂમથી ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે મેયરે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી , ગૃહમંત્રી અમિતભાઇ શાહ અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં કેન્દ્ર અને રાજ્ય સરકારે વિકાસની દિશામાં દાખવેલા દુરંદેશીપુર્ણ આયોજન થકી આપણું ગાંધીનગર સફળતાનાં નવા સોપાન સર કરી રહ્યુ છે. શરૂઆતમાં ૨૮ અને ૨૯ એમ માત્ર બે સેકટરથી જાણીતું ગાંધીનગર આજે ૧ થી ૩૦ સેકટરો અને "ક" થી "જ" ના માર્ગો કે એક થી સાત સર્કલો પૂરતો સીમિત નથી રહ્યું.

ગાંધીનગર આજે વિસ્તારની દ્રષ્ટિએ વિશાળ બન્યું છે. વર્ષ ૧૯૭૧ માં ગુજરાતના પાટનગરને અમદાવાદથી ગાંધીનગર કરવામાં આવ્યું. આજે ગાંધીનગર આસપાસના ઘણા ગામનો સમાવેશ થયો છે. ૨૦૨૦માં ૧૮ ગ્રામ પંચાયતો અને એક નગરપાલિકા સમાવેશ થતા ગાંધીનગરનો વ્યાપ આજે ખૂબ વધ્યો છે. ગાંધીનગરને શ્રેષ્ઠ બનાવવાની સાથે સુરક્ષિત અને સવલત પર બનાવવાની હંમેશા સરકારની નેમ રહી છે. રાજ્ય તેમજ કેન્દ્ર સરકારના સમર્થ નેતૃત્વમાં ગાંધીનગરે શાંતિ, સ્થિરતા અને એકતા સાથેના સર્વાંગી વિકાસનો ત્રિવેણી સંગમ રચ્યો છે. મહાત્મા મંદિર અને ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક્સ સિટી એટલે કે ગિફ્ટ સિટી ગાંધીનગર નવી ઓળખ બની ગયા છે.

ગાંધીનગર આજે ક્લિન અને ગ્રીન સીટીની સાથે સાથે સ્માર્ટ સિટી તરીકે પણ ઓળખાય છે. ગાંધીનગર શહેર આજે વિશ્વ સ્તરની યુનિવર્સિટીઓ માટે પહેલી પસંદ બન્યુ છે તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે રાજ્ય ભરના વિદ્યાર્થીઓ શહેરમાં આવે છે. ગાંધીનગરને શ્રેષ્ઠ બનાવવાની સાથે સુરક્ષિત અને સવલતસભર બનાવવા મહાનગરપાલિકા કાર્યરત છે. આવનારા સમયમાં પણ ગાંધીનગર પ્રગતિના પથ પર આગળ વધતું રહે તેવી અભ્યર્થના વ્યક્ત કરી મેયરે નગરજનોને શુભેચ્છા પાઠવી હતી.

## ભુજના ત્રિમંદિર સંકુલમાં વિવાદ! વનભોજન કરી રહેલા મહિલાઓ સાથે અભદ્ર વ્યવહારનો આરોપ

ભુજ,એરપોર્ટ રિંગ રોડ ઉપર આવેલા ત્રિમંદિરના બગીચામાં અધિકમાસનું વનભોજન કરી રહેલા મહિલાઓના જૂથનો મંદિર ટ્રસ્ટના સભ્યો દ્વારા ડખો થવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. મહિલાઓ સાથે આ રીતની ઉગ્ર બોલાચાલીની ઘટના એટલા માટે ચર્ચામાં આવી છે કે, મંદિર પરીસરમાં અંતેવાસી મહિલાઓ દ્વારા ચાલતા ફૂડ કાઉન્ટરના વેચાણ સહિતના મામલે સવાલો ઉભા થયા છે. અધિક માસની ધાર્મિક ઉજવણી હોવાથી લોકોની લાગણી દૂભાઈ છે. કેટલીક મહિલાઓનું જૂથ ત્રિમંદિર પરીસરના બગીચામાં બપોરે ભોજન કરી રહ્યું હતું. તે દરમિયાન મંદિરના વહીવટ સાથે સંકળાયેલા લોકોએ આવીને બધું દૂર કરવાની સૂચના આપી હતી અને તે બાબત ઉગ્ર બોલાચાલીમાં પરિણમી હતી.'તમને જે કરવું હોય તે કરજો', 'ઉપાડીને ઘા કરીએ..... પોલીસની ગાડી આવે છે.....' જેવા વાક્યો વાયરલ વીડીયોમાં સંભળાઈ રહ્યા છે.

## ગાંધીધામ નગરપાલિકાની ફરજમાં રૂકાવટ કરનારા શખસને એક વર્ષની કેદની સજાનો આદેશ

ગાંધીધામ

ગાંધીધામના ૪૦૦ ક્વાર્ટર વિસ્તારમાં ૧૬ વર્ષ પહેલાં સડેલા શાકભાજી, ફૂટનો નાશ કરવા ગયેલા નગરપાલિકાના કર્મચારીઓની ફરજમાં રૂકાવટ બદલ એક શખ્સને એક વર્ષની કેદ તથા રુ.૧૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે.

શહેરના ૪૦૦ ક્વાર્ટર વિસ્તારમાં નગરપાલિકાના કર્મચારી એવા ફરિયાદી નીતિન મહેશ ગઢવી તથા અન્ય કર્મચારીઓ સડેલા શાકભાજી તથા ફૂટનો નાશ કરવાની કામગીરી કરવા માટે ગયા હતા. દરમ્યાન, ગત તા. ૧/૦૮/૨૦૦૬ના ત્યાં આરોપી દીપક રમેશકુમાર દુબે ત્યાં આવી પાલિકાના માણસો અહીં આવી શું નાટક કરી બેઠા છો, અહીંથી ચાલ્યા જાવ. અગાઉ અમે પાલિકાના માણસોને માર માર્યો છે તેમ કહી ગાળાગાળી કરી સરકારી ફરજમાં રૂકાવટ કરી હતી.

બાદમાં આ અંગે પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ શખ્સ વિરુદ્ધ ચાર્જશીટ રજૂ થતાં અહીંની અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં આ કેસ ચાલી ગયો હતો. તમામ સાહેદોને તથા આધાર-પુરાવા ચકાસી ન્યાયાધીશ બી. એન. પરમારે આ આરોપીને ફરજમાં રૂકાવટ બદલ તકસીરવાન ઠેરવ્યો હતો અને દીપક દુબેને એક વર્ષની સાદી કેદ તથા રુ. ૧૦૦૦નો દંડ ફટકાર્યો હતો. તેમજ આરોપી દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદનો આદેશ આપ્યો હતો. આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ બી. એચ. પટેલે હાજર રહી દલીલો કરી હતી.

# ભુજમાં RTOના ચેકીંગમાં વાહનોના ભાવમાં ગડબડ જણાતા દંડ ફટકારવાની તજવીજ

ભુજ

શહેરમાં આવેલા મોટરના શોરૂમ દ્વારા સરકારી તિજોરીને આર્થિક ધુમ્બો પહોંચાડવાનું કૃત્ય કરાયું હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.વાહનની મૂળ કિંમત કરતા આરટીઓમાં ઓછી કિંમત બતાવી ટેક્સચોરી કરવામાં આવી છે.જે મામલે આરટીઓ દ્વારા નોટિસ ફટકારી ખુલાસો માંગવામાં આવ્યો છે.

કચ્છમાં સરકારી તિજોરીને ચુનો ચોપડવાના કિસ્સા અવારનવાર સામે આવતા હોય છે ત્યારે હાલમાં ફરી એક વખત વાહનનો ઓછો ટેક્સ ભરપાઈ કરી સરકારી તિજોરીમાં ગાબડું પાડવાની પેરવી કરાઈ હોવાનો મામલો ચર્ચામાં છે.જાણવા મળતી વિગતો મુજબ,ભુજમાં આવેલા કેડી મોટર્સ દ્વારા ગ્રાહકોને વાહન વેચાણ કર્યા બાદ તેની મૂળ કિંમત કરતા આરટીઓ કચેરીમાં ઓછી કિંમત દર્શાવીને ભરવાપાત્ર વેરાની ઓછી રકમ ભરી હતી આરટીઓ ઈન્સ્પેકટર દ્વારા ઈન્સ્પેકશન કરવામાં આવ્યું ત્યારે અમુક ણાયો હતો.જેથી મૂળમાં જતા કારની કિંમત ઓછી હોવાનું પણ ખુલ્યું હતું.જેથી ડીલર પાસે ખુલાસો જાણવા નોટિસ આપવામાં આવી છે જેમાં પ્રાથમિક તબક્કે કેડી મોટર્સના જવાબદારોએ એવું નિવેદન આપ્યું છે કે,વાહન માલિકને ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું છે જેથી વાહનની કિંમત ઓછી બતાવાઈ છે ટેક્સ તફાવતની રકમ ભરવા તૈયારી બતાવાઈ હોવાનું જાણવા મળ્યું છે પણ હજી સુધી લેખિતમાં કોઈ જાણ કરવામાં આવી નથી.

જેથી જવાબ મળ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે. આ બાબતે ઈન્ચાર્જ આરટીઓ અધિકારી પ્રદીપસિંહ વાઘેલાને પુછતા તેમણે જણાવ્યું કે,ઈન્સ્પેકટર ચેકિંગમાં હતા ત્યારે કારની ઓછી કિંમત હોવાનું ધ્યાને આવ્યું હતું.જેથી ટેક્સ ઓછો હોતા કેડી મોટર્સના જવાબદારોને નોટિસ અપાઈ છે.જેમાં તેઓએ વાહન માલિકને ડિસ્કાઉન્ટ આપ્યું હોઈ કિંમત ઓછી કરાયાનું જણાવ્યું છે પણ નક્કર હકીકત જાણવા તપાસ કરવામાં આવી રહી છે.

નવી કાર લઈએ ત્યારે તેના આરટીઓ રજિસ્ટ્રેશન વખતે વિવિધ પ્રકારનો ટેક્સ ભરવો પડે છે. આરટીઓમાં ટેક્સ વસૂલાતની સિસ્ટમ ડિઝીટલાઈઝેશન છે વર્ષ ૨૦૧૮માં ભુજના કે.ડી. મોટર્સ મારુતિ કારના શોરૂમમાંથી વેચાયેલી ૩૮ કાર ૫૨ ૭.૫૨ લાખનો ટેક્સ ભરપાઈ કરવાનો થતો હતો. પરંતુ આરટીઓ સ્ટાફને ફોડીને ઓછો ટેક્સ ભરાયો હોવાનો ગોટાળો સામે આવ્યો હતો.જેમાં ફરિયાદ પણ થઈ હતી બાદમાં આરટીઓએ કે.ડી. મોટર્સને પાઠવેલી નોટીસ બાદ પેનલ્ટી અને વ્યાજ સહિત અંદાજે ૧૪ લાખ રૂપિયા દંડ ભરાયો હતો.મોટર્સના શોરૂમમાંથી ખરીદાયેલા નવા વાહનોની મૂળ વેચાણ કિંમત આરટીઓમાં ઓછી બતાવવામાં આવે છે. જેથી આરટીઓના ટેક્સની સિસ્ટમમાં નજીવો ટેક્સ ભરપાઈ કરવાનો થાય અને એ ભરાઈ જાય પછી વાહનનું રજિસ્ટ્રેશન થાય છે જ્યારે ગ્રાહક પાસેથી પૂરી કિંમત વસુલ કરવામાં આવે છે.આ પ્રકરણમાં પણ તપાસ થાય તો અનેકને રેલો આવે એમ છે.

# રાજ્યમાં બુધવારનો દિવસ કાળમુખો સાબિત થયો: અલગ અલગ દુર્ઘટનામાં ૮ લોકોના મોત

અમદાવાદ

આજે રાજ્યમાં બુધવારનો દિવસ કાળમુખો સાબિત થયો છે. આજે અલગ અલગ દુર્ઘટનામાં રાજ્યમાં ૮ લોકોએ જીવ ગુનાવ્યા છે. જેમાં સુરતમાં ગેસ લિકેજના કારણે ૪ કામદારોમા મોત થયા છે. આ ઉપરાંત ભાવનગર, ગીર સોમનાથ,સુરત અને અમદાવાદમાં એક એક વ્યક્તિના મોત થયા છે.

કીમ GIDCમાં ઝેરી ગેસના કારણે ગૂંગળાઈ જવાથી ૪ કામદારોના મોત

સુરતની કીમ જીઆઈડીસીમાં મોટી દુર્ઘટના બની છે. નિલમ ઈંડસ્ટ્રીઝમાં ગૂંગળાઈ જવાના કારણે ચાર કામદારોના મોત થયા છે. કેમિકલ ભરેલુ ડ્રમ ફાટી ગયા બાદ નિકળેલા કેમિકલના ગેસના કારણે આ જીવલેણ દુર્ઘટના સર્જાઈ હતા. મૃતકો પૈકી બે કામદારો અંકલેશ્વરના,એક કાપોદ્રાના અને એક રાજસ્થાનનો હોવાનો ખુલાસો થયો છે. હાલમાં પોલીસની ટીમ સ્થળે પહોંચી છે. ઘટનાને પગલે અફરા તફરીનો માહોલ સર્જાયો છે. જૂનાગઢ બાદ ભાવનગરમાં મોટી દુર્ઘટના બની હતી. મળતી જાણકારી અનુસાર, ભાવનગરમાં મોટી દુર્ઘટના સર્જાઇ હતી. શહેરના માધવહીલ કોમ્પલેક્સનો પાછળનો ભાગ ધરાશાયી થયો હતો. આ અકસ્માતમાં એક મહિલાનું મોત થયું છે. ૧૦થી ૧૫ લોકો કાટમાળમાં દટાયા હોવાની આશંકા છે. બેન્કના કર્મચારીઓ કાટમાળમાં ફસાયા હોવાની આશંકા છે. ફાયર વિભાગની ટીમ હાલ રેસ્ક્યુની કામગીરીમાં જોડાયા હતા. એક તરફનો ભાગ જર્જરિત હોવાથી દુર્ઘટના સર્જાઇ હતી. માધવહિલ કોમ્પલેક્સમાં બેન્ક ઓફ બરોડાની બ્રાન્ચ આવેલી છે કલેક્ટરના જણાવ્યા અનુસાર, દુર્ઘટનામાં આઠથી દસ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

ઉનામાં અકસ્માતમા મહિલાનું મોત

વિદ્યાનગર પાસે ડમ્પરે દંપતીને અડફેટે લેતાં પત્નીનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મૃત્યુ થયું છે. તો બીજી તરફ મહિલાના પતિની હાલત પણ ગંભીર હોવાની માહિતી સામે આવી છે. અકસ્માતની જાણ થતા ઘટના સ્થળે લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા.આ ઉપરાંત ઘટનાની ગંભીરતા જોતા ખુદ એએસપી ઘટના સ્થળે દોડી ગયા હતા.

હીટ એન્ડ રનની ઘટનામાં એકનું મોત

સુરતના હજીરા વિસ્તારમાં હીટ એન્ડ રનની ઘટનામાં એકનું મોત થયું છે. બેફામ ટ્રકે યુવકને કચડી નાખ્યો હતો. અકસ્માત બાદ ટ્રક ચાલક ટ્રક લઈ ફરાર થઈ ગયો હતો. જો કે, આ ઘટના સોમવારની છે પરંતુ ગંભરી રીતે ઘાયલ થયેલા યુવકનું આજે સારવાર દરમિયાન મોત થયું છે. હજીરા વિસ્તારમાં અનેકવાર બેફામ ટ્રકો અકસ્માત સર્જી લોકોને મોતને ઘાટ ઉતારે છે. સ્થાનિકોની અનેકવાર રજુઆત છતાં તંત્ર ઘોર નિંદ્રામાં જોવા મળી રહ્યું છે.

દિવાલ પડતા એક શ્રમિકનું મોત

અમદાવાદના આંબલી બોપલ રોડ પર આવેલ બીલ્ડીંગમાં દિવાલ પડતા શ્રમિકનું મોત થયું છે. બોપલ આંબલી રોડ પર ઈનસેપ્ટમ બિલ્ડીંગના થર્ડ ફલોર છ બ્લોકમાં રિનોવેશન સમયે દિવાલ ધરાશાયી થઈ હતી. મોડી રાત્રે રિનોવેશનની કામગીરી ચાલતી હતી. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ૫ જૂનથી ૧ ઓગસ્ટ સુધી ૬ વખત ભાવ વધારો ઝીંકાયો..

# ગુજરાતમાં ફરી અદાણી CNG ના ભાવમાં વધારો, CNGનો એક કિલોનો ભાવ ૭૫.૯૯ રૂપિયા થયો

અમદાવાદ

રોજબરોજની વસ્તુઓના સતત વધી રહેલા ભાવ હવે લોકોની કમર તોડી રહ્યાં છે. અદાણીએ CNG ગેસના ભાવમાં વધારો ઝીંક્યો છે. એક માસમાં ચાર વારના વધારાથી સીએનજી ૭૫ પૈસા મોંઘો થયો છે. CNG માં બે માસમાં છઠ્ઠી વખત ભાવ વધારો ઝીંક્યો છે. આ ભાવ વધારાને કારણે CNG ૭૫.૯૯ રૂપિયા પર પહોંચી ગયો છે. વર્ષના મધ્યમમાં પણ પ્રજા પર મોંઘવારીનો સતત માર પડી રહ્યો છે. અદાણીએ બે મહિના બાદ CNG ગેસના ભાવમાં વધારો કર્યો છે.

દેશમાં સતત વધી રહેલી મોંઘવારીએ જનતાની કમરતોડી નાખી છે. પેટ્રોલ-ડીઝલ, સીએનસી, રસોઈ ગેસ, શાકભાજી, દૂધ સહિત ખાવા-પીવાની વસ્તુના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. મોંઘવારીથી જનતા ત્રસ્ત છે. જીવન જરૂરિયાતની દરેક વસ્તુઓના ભાવ પણ આસમાને પહોંચી ગયા છે. ત્યારે હવે અદાણીએ ગેસના ભાવ વધાર્યા છે. અદાણી ગ્રૂપ સતત CNGના ભાવમાં વધારો ઝીંકી રહ્યું છે. ૧ ઓગસ્ટે ફરી CNG ના ભાવમાં ૧૫ પૈસાનો વધારો ઝીંકવામાં આવ્યો છે. ચાર વખત ભાવ વધારાથી CNG૭૫ પૈસા મોંઘુ બની ગયું છે. ભાવ વધારા પહેલા CNG નો ભાવ ૭૫.૯૯ રૂપિયા હતો, હવે CNGનો નવો ભાવ અમદાવાદમાં ૭૫.૯૯ રૂપિયા થઈ ગયો છે. અદાણી CNG ના આ ભાવ વધારાથી સૌથી વધુ રીક્ષાચાલકોની કમર તૂટી જશે. અદાણી ગેસે CNG ના ભાવમાં પહેલા ઘટાડો કર્યો હતો, પરંતુ તેના બાદ ઉત્તરોઉત્તર ભાવમાં વધારો ઝીંકવામાં આવી રહ્યો છે. છેલ્લે એપ્રિલ મહિનામાં CNG ના ભાવમાં ૬.૦૫ રૂપિયાનો ઘટાડો કર્યો હતો, તેના બાદથી સતત વધારો જ થઈ રહ્યો છે. CNGના ભાવ નીચે આવ્યા જ નથી. જુન મહિનાથી શરૂ કરાયેલો ભાવ વધારો હજુ યથાવત છે. એક જ મહિનામાં ચાર વાર ભાવ વધારો ઝીંકીને અદાણીએ CNGને સીધો ૭૫.૯૯ રૂપિયા પર પહોંચાડી દીધું છે. લાંબા સમયથી પેટ્રોલ-ડીઝલ અને એલપીજી ગ્રાહકોને મોંઘવારીનો માર પડવાનું શરૂ થઈ ગયું હતું. પેટ્રોલ તેમજ ડીઝલ પર હવે મોંઘવારીનો માર પડવાનું શરૂ થઈ ગયું છે. તે પહેલા જ સીએનજીના ભાવ વધવાની શરૂઆત થઈ ગઈ છે. ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી પૂરી થઈ ત્યારથી ચૂંટણીના પરિણામ બાદ તેની અસર ભાવ પર પડવા લાગી છે. આવામાં એટલુ તો સ્પષ્ટ છે કે, આગામી દિવસોમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં તેજી જોવા મળી શકે છે. ગુજરાતમાં આજથી અદાણીએ સીએનજીમાં નવો ભાવવધારો લાગુ કર્યો છે.

# આગામી ૭૨ કલાક સાચવજો, અંબાલાલ પટેલ અને હવામાન વિભાગે એકસાથે ૩ દિવસ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી

અમદાવાદ

આજથી ૩ દિવસ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આજથી ૪ ઓગસ્ટ સુધી ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરાઈ છે. તો ઉત્તર અને મધ્ય ગુજરાત અને કચ્છમાં પણ વરસાદની આગાહી છે. આગાહીકાર અંબાલાલ પટેલની મોટી આગાહી છે. આગાહીકાર અંબાલાલ પટેલની આગાહી એવી છે કે, આગામી ૭૨ કલાકમાં ગુજરાત કેટલાક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદ તૂટી પડી શકે છે. ૨ થી ૪ ઓગસ્ટ રાજ્યમાં ભારે વરસાદની આગાહી છે. પૂર્વીય બંગાળની ખાડીમાં ડીપ ડિપ્રેશન વિરાટ બનતા તેનો માર્ગ ઉત્તર પશ્ચિમ ભારત તરફ રહેવાની શક્યતા છે. અરબ સાગરના ભેજ અને પશ્ચિમ ભારતમાં ફુંકાતા ભારે ભેજવાળા પવનના લીધે દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદ થવાની શક્યતા છે. બંગાળના ઉપસાગરના દીપ ડિપ્રેશનના લીધે મધ્ય ભારત, રાજસ્થાન, ઉત્તર ગુજરાત, કચ્છના કેટલાક ભાગો, પંચમહાલના કેટલાક ભાગો અને, મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે ઉત્તરગુજરાતમાં સાયક્લોન સર્ક્યુલેશનની સિસ્ટમ એક્ટિવ થવાની આગાહી કરી છે.જેથી આગામી ૫ દિવસ સાબરકાંઠા, બનાસકાંઠા અને અરવલ્લીમાં ભારે વરસાદ પડી શકે છે. રાજ્યભરમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી પાંચ દિવસ રાજ્યમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લીમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમા મોહંતીએ જણાવ્યું હતું કે, રાજ્યભરમાં હળવા વરસાદની સંભાવના છે. જ્યારે કેટલાક જિલ્લામાં મધ્યમ વરસાદ પડી શકે છે. પરંતુ બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લીમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે. અમદાવાદમાં પણ વધુ સ્પેલમાં વરસાદ પડી શકે છે. હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે પણ ભારે વરસાદની કોઈ શક્યતા નથી.




તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : જયેન્દ્ર ઉપાધ્યાયે વિશાલ પ્રિન્ટરી, ભુજમાં છાપી ચંચળ કાર્યાલય, લાલ ટેકરી, ભુજમાંથી પ્રગટ કર્યું તંત્રી-મુદ્રક-પ્રકાશક અને માલિક : જયેન્દ્ર ઉપાધ્યાય મુદ્રક સ્થાન : વિશાલ પ્રિન્ટરી, ભુજ. ફોન નં. ૨૫૨૯૪૨-૪૩, મો. ૯૪૨૭૬૧૩૨૫૧ Email : chanchal61@yahoo.com ગાંધીનગર ઓફીસ : ૭૦૨, સાતમા માળે, અખબાર ભવન, ગાંધીનગર, ફોન : ૨૯૭૫૦૦૮૩